dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -08 | Issue- 109 | AD - 2025, Paush Vad - 08 | Wednesday, Dt.22-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### દર વખતની જેમ આ વખતે પણ પાર્ટીએ વડાપ્રધાન મોદીનો ચહેરો આગળ મૂકીને ચૂંટણી જીતવા તૈયારી કરી

# દિલ્હીવિધાનસભા કબજે કરવા માટે ભાજપે કમર કસી

નવીદિલ્હી,તા.૨૧

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના દિલ્હી એકમે વિધાનસભા ચૂંટણીની લડાઈ જીતવા માટે તેનો માસ્ટર પ્લાન જાહેર કર્યો છે. ભાજપના ટ્રમ્પ કાર્ડની વાત કરીએ તો, દર વખતની જેમ આ વખતે પણ પાર્ટીએ વડા પ્રધાન મોદીનો ચહેરો આગળ મૂકીને દિલ્હીની દરેક ગલીમાં કમળ ખીલવવાની તૈયારીઓ કરી છે. ભાજપે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ માટે એવું ચક્રવ્યૂહ ઉભું કર્યું છે કે આ વખતે તેને તોડવું સરળ નહીં હોય.

જેમ જેમ ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે, તેમ તેમ સોશિયલ મીડિયા પર પોસ્ટર વોર અને વીડિયો વોર ઉપરાંત, ભાજપ પણ જમીન પર આક્રમક રીતે પ્રચાર કરી રહ્યું છે. છેલ્લા ૧૪ દિવસમાં પોતાના ચૂંટણી પ્રચારને વધુ મજબૂત બનાવવા માટે, ભાજપે દિલ્હીમાં વિશાળ રેલીઓ યોજવાની યોજના બનાવી છે. આ અંતર્ગત, પીએમ નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાજનાથ સિંહ, જેપી નડ્ડા, મનોહર લાલ ખટ્ટર અને નીતિન ગડકરી સહિત પાર્ટીના તમામ નેતાઓ દિલ્હીમાં ભાજપના ઉમેદવારો માટે મત માંગશે. આ વખતે, દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા, વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નેતાઓ પણ પ્રચારમાં જોડાશે.

ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં, યોગી આદિત્યનાથ, ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામી, આસામના સીએમ અને ફાયરબ્રાન્ડ હિન્દુ નેતા હિમંત બિસ્વા શર્મા અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને દિલ્હીમાં પ્રચાર માટે મેદાનમાં ઉતારવામાં આવી રહ્યા છે. જાન્યુઆરીના છેલ્લા અઠવાડિયામાં મોદીની ૩-૪ રેલીઓ થઈ શકે છે. પૂર્વાંચલના મતદારોને આકર્ષવા માટે, ભાજપ ૨૩ જાન્યુઆરીથી શ્રેણીબદ્ધ રેલીઓ યોજવા જઈ રહી છે, જેમાં યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મુખ્ય ચહેરો હશે. આદિત્યનાથ દિલ્હીમાં વિવિધ સ્થળોએ કુલ ૧૪ રેલીઓને સંબોધિત કરશે. યોગી આદિત્યનાથની રેલીઓ કિરાડી, બાહ્ય દિલ્હી, કેશવ પુરમ, ઉત્તર પશ્ચિમ દિલ્હી, શાહદરા, કરોલ



બાગ, નજફગઢ, મહેરૌલી, સહદ્ર, દક્ષિણ દિલ્હી અને મયુર વિહારમાં યોજાશે.

દિલ્હીમાં પૂર્વાંચલ અને ઉત્તરાખંડી મતદારોને મોટા પાયે ભાજપને મત આપવા માટે અપીલ કરવા માટે ઘણા અગ્રણી પૂર્વાંચલ અને ઉત્તરાખંડી ચહેરાઓને કામે લગાડવામાં આવ્યા છે. પૂર્વાંચલ સમુદાયને આકર્ષવા માટે, રવિ કિશન, મનોજ તિવારી, નિરહુઆ, સમ્રાટ ચૌધરી અને ગિરિરાજ સિંહ આગામી ગુરુવાર, એટલે કે ૨૩ જાન્યુઆરીથી દિલ્હીમાં શ્રેણીબદ્ધ રેલીઓ કરશે. વધુમાં, ભાજપ પૂર્વીય મતદારોના નોંધપાત્ર પ્રમાણવાળા વિસ્તારોમાં ઘણી બાઈક રેલીઓ યોજશે.

દરમિયાન, સમાચાર સામે આવ્યા છે કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને ભાજપના ફાયરબ્રાન્ડ નેતા યોગી આદિત્યનાથ દિલ્હી વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં ઝંપલાવશે. સૂત્રોએ વિધાનસભા ચૂંટણી પ્રચાર માટે સીએમ યોગીના સમયપત્રક પણ શેર કર્યા છે. મળતી માહિતી મુજબ, સીએમ યોગીની સભાઓ માટે તૈયારીઓ ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને ભાજપના ફાયરબ્રાન્ડ નેતા યોગી આદિત્યનાથ યોજના મુજબ દિલ્હીમાં ૧૪ જાહેર સભાઓને સંબોધિત કરશે. આ માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. માહિતી મળી છે કે સીએમ યોગી ૨૩ જાન્યુઆરીએ ૩ બેઠકો, ૨૮ જાન્યુઆરીએ ૪ બેઠકો, ૩૦ જાન્યુઆરીએ ૪ બેઠકો અને ૧ ફેબ્રુઆરીએ ૩ બેઠકો યોજશે. મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દિલ્હીના પૂર્વ અને ઉત્તર પૂર્વ દિલ્હી વિસ્તારોમાં જાહેર સભાઓ કરશે. સીએમ યોગી દિલ્હીના મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોની મુલાકાત લેશે. તેમની આ જાહેર સભાઓ ખાસ કરીને મુસ્લિમ બેઠકો પર યોજાશે. આમાંના ઘણા એવા વિસ્તારો હશે જ્યાંથી દિલ્હી રમખાણો શરૂ થયા હતા.જો આપણે ભાજપના ચૂંટણી પ્રયાસો પર નજર કરીએ તો, પાર્ટીએ પહેલાથી જ ૨૫૦૦ થી વધુ નાની બેઠકો અને ડ્રોઈંગ-રૂમ બેઠકો યોજી છે. દિલ્હીમાં રહેતા પૂર્વીય મતદારોમાંથી લગભગ ૫૦ ટકા મતદારોને પોતાની તરફ મેળવીને, ભાજપ વિધાનસભા ચૂંટણીમાં પહેલા કરતા અનેક ગણો વધુ મત હિસ્સો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.




### પતંજલી સામે કાયદો તોડવાનો આરોપ લગાડવામાં આવ્યો

# ભ્રામક જાહેરાત બદલ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ સામે વોરંટ

કોચીન,તા.૨૧

કેરળની એક કોર્ટે ભ્રામક જાહેરાતના કેસમાં યોગ ગુરુ બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. મળતી માહિતી પ્રમાણે ન્યાયિક પ્રથમ વર્ગ મેજિસ્ટ્રેટએ બાબા રામદેવ, બાલકૃષ્ણ અને દિવ્યા ફાર્મસી વિરુદ્ધ વોરંટ જારી કર્યું. પલક્કડના ડ્રગ ઈન્સ્પેક્ટરે આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદના આધારે ડ્રગ્સ અને ચમત્કારિક ઉપચાર એટલે કે વાંધાજનક જાહેરાતો અધિનિયમ, ૧૯૫૪ ની કલમ ૩(D) અને કલમ ૭(A) હેઠળ કેસ દાખલ કર્યો હતો. ૧૬ જાન્યુઆરીના રોજ મેજિસ્ટ્રેટ કોર્ટે આપેલા આદેશમાં કહ્યું હતું કે, 'ફરિયાદી ગેરહાજર છે. અને તમામ આરોપીઓ ગેરહાજર છે. બધા આરોપીઓ માટે જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા છે.' પલક્કડ જિલ્લા કોર્ટની વેબસાઈટ પરના કેસ સ્ટેટસ પ્રમાણે હવે



આગામી તારીખ ૧ ફેબ્રુઆરીના રોજ સુનાવણી કરવામાં આવશે. બાબા રામદેવ સામે તેમના વિવિધ ઉત્પાદનોને લઈને કરાતી જાહેરાતો મુદ્દે પહેલી વાર કાર્યવાહી નથી થઈ. આ પહેલા પણ કોરોના મટાડવાનો દાવો કર્યા પછી ડોક્ટરોના સંગઠને તેમનો વિરોધ કર્યો હતો. આ સિવાય તેઓએ એઈડ્સ અને સમલૈંગિકતા મટાડવાના દાવાના કારણે પણ તેમની સામે કાર્યવાહી થઈ ચૂકી છે. હકીકતમાં IMA એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં કહ્યું હતું કે, તેઓ કોવિડ વેક્સિન અને એલોપેથી વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા હતો અને આયુર્વેદિક દવાઓ વિશે ખોટા દાવા કરી રહ્યો હતા. પતંજલિ પર કાયદાને તોડવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો. પ્રિન્ટ મીડિયામાં પ્રકાશિત પતંજલિની જાહેરાતોનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે તેમને કોર્ટના નિર્દેશોનું પાલન ન કરવા બદલ ઠપકો આપ્યો હતો.




# છત્તીસગઢના ગારિયાબંદમાં ૨૭ નક્સલીઓને ઠાર મારતું સુરક્ષાદળ



રાયપુર,તા.૨૧

છત્તીસગઢના ગારિયાબંદમાં છેલ્લા ૩૬ કલાકથી નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ચાલી રહેલી અથડામણમાં કુલ ૨૭ નક્સલવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ મોટાપ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા છે. કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી છે. અથડામણ બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં ગઈકાલે બે નક્સલવાદીઓના શબ મળ્યા હતા. જેમાં એક મહિલા સામેલ હતી. આજે(૨૧ જાન્યુઆરી, ૨૦૨૫) સવારે વધુ ૨૦ નક્સલવાદીઓના શબ કબજે કરી લેવાયા છે. તેમની પાસેથી અનેક ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે.

સૂત્રો અનુસાર, ઓડિશા સ્ટેટના નક્સલવાદી ચીફ કે જેના માથે એક કરોડનું ઈનામ છે તે જયરામ ઉર્ફ ચલપતી પણ ઠાર થયો છે. સીસીએમ મનોજ અને ગુડ્ડુ પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ અથડામણમાં એક સુરક્ષાકર્મી ઘાયલ થયો છે. જેને એરલિફ્ટ કરી રાયપુર લાવવામાં આવ્યો છે. આ જોઈન્ટ ઓપરેશન (ઓડિશા-છત્તીસગઢ સુરક્ષાદળ)માં સામેલ લગભગ ૧ હજાર જવાનો નક્સલવાદીનો ખાતમો બોલાવી રહ્યા છે. ઓડિશા-છત્તીસગઢના સુરક્ષા દળોની કુલ ૧૦ ટીમે નક્સલવાદીઓ વિરૂદ્ધ જોઈન્ટ ઓપરેશન હાથ ધર્યું છે. તપાસમાં વધુ નક્સલવાદીઓના શબ મળવાની સંભાવના છે. હાલ જપ્ત કરવામાં આવેલા મૃતદેહોની ઓળખ થઈ રહી છે.છત્તીસગઢના ડેપ્યુટી સીએમ અરૂણ સાઉએ ગારિયાબંદ એન્કાઉન્ટર વિશે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દેશને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી નક્સલ મુક્ત દેશ બનાવવા માગે છે. જેના ભાગરૂપે સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં ૧૪ નક્સલીઓને ઠાર મારવાની કવાયત પ્રશંસનીય છે.'









# બગસરામાં પાણી વાળતા મજુરને વીજશોક લાગતા ઘટનાસ્થળે જ મોત

બગસરા, તા.૨૧



તસવીર : હાર્દિક બામટા

બગસરાનાં નટવરનગર વિસ્તારમાં ખેતીકામ કરતાં પરપ્રાંતિય શ્રમિક પપ્પુ વીરસિંહ કટારા(ઉ.વ.૨૫) નામના યુવકને વીજશોક લાગતા ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું. શ્રમિક રમેશભાઈ ઘાડીયાએ નારણભાઈ ઘાડીયાની વાડીમાં ભાગીયુ રાખેલ હતું જેથી રમેશભાઈએ પપ્પુને કામ કરવા માટે બોલાવેલ હતો. વાડીએ પપ્પુ પાણી વાળતો હતો ત્યારે અચાનક ૧૧ કે.વી.માંથી વીજશોક લાગતા શ્રમિક પપ્પુનું મોત થયું હતું. રમેશભાઈ ઘાડીયા મૃતક માટે ચા લઈને આવ્યા ત્યારે આ ઘટનાની જાણ થઈ હતી. જેથી આ ઘટના અંગે તાત્કાલિક વીજ અધિકારીઓને, પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે બગસરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા.

# ચાડીયા-મેડી ગામને જોડતાં રસ્તાનાં પુલનું ખાતમુહૂર્ત કરતાં કૌશિકભાઈ વેકરીયા

અમરેલી, તા.૨૧



અમરેલી વિધાનસભાનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા પોતાના મત વિસ્તારમાં વિકાસના કામોને વેગ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની રજૂઆતને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા પણ અમરેલી વિધાનસભા માટે કરોડોની ગ્રાન્ટ ફાળવે છે. જેમાં અમરેલી તાલુકાનાં ચાડીયા-મેડી ગામને જોડતો પુલ છેલ્લા ઘણા સમયથી ખખડધજ હાલતમાં હોવાથી આ પુલનાં નવીનીકરણ માટે રાજય સરકારે રૂા.૭૦ લાખની ગ્રાન્ટ ફાળવતાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા ચાડીયા-મેડી ગામને જોડતાં પુલનું ખાતમુહૂર્ત કર્યું હતું. ધારાસભ્યની સાથે ગામ અગ્રણીઓ પણ ખાતમુહૂર્તમાં જોડાયા હતા.

# અમરેલીમાં સલૂનમાંથી દેશી-વિદેશી દારૂ પકડાયો

**પોલીસે સલૂનધારક સામે પ્રોહિબિશન હેઠળ ગૂનો નોંધ્યો**

અમરેલી, તા.૨૧

અમરેલી શહેરમાં સલૂનમાંથી દેશી તથા વિદેશી દારૂ મળી આવતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ફેજલભાઈ મજીદભાઈ પઠાણ (ઉ.વ.૨૫, ધંધો. હેર કટીંગ) પાસ વગર પોતાના કબ્જા ભોગવટાના મકાને ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની ૧ બોટલ તથા દેશી પીવાનો દારૂ લીટર-૦૫ મળી કુલ કિ.રૂ.૧૩૭૦નો મુદ્દામાલ ઝડપાયો હતો. જિલ્લામાં ૫ સ્થળેથી ૧૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જ્યારે ૮ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# મતિરાળામાં બાવન ગામ કડવા પાટીદાર પરિવાર દ્વારા ૧૦મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

કેરીયાનાગસ,તા.૨૧



તસવીર :ઘનશ્યામભાઈ લાંભીયા

મતિરાળામાં ૫૨ ગામ કડવા પાટીદાર પરિવાર દ્વારા ૧૦મા સમૂહ લગ્નોત્સવનું આજે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૮ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. અમરેલી વિસ્તારના ૫૨ ગામ કડવા પાટીદાર પરિવાર સમાજના આજીવન દાતા, સહયોગી દાતા અને ઉદ્યોગપતિ, સિદ્ધિવિનાયક સેવા મંડળ, જીવનદીપ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત, મતીરાળા ક્રિએટિવ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સહકારથી આ લગ્નોત્સવ યોજાયો હતો. આ લગ્નોત્સવ માટે ૪૦૦ સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી. વિવિધ દાતાઓના સહયોગથી લગ્નોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે સાંસદ પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહેલ. પાટીદાર આગેવાન ઠાકરશીભાઈ મેતલિયાએ સંયુક્ત કુટુંબનું મહત્ત્વ સમજાવ્યું હતું,

# સાવરકુંડલામાં આજે હનુમાન ચાલીસા પાઠ અને હનુમાન ચરિત્ર સભા યોજાશે

**શહેર અને તાલુકામાંથી ધર્મપ્રેમીઓને ઉમટી પડવા આહ્વાન**

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલા શિવાજીનગર પટેલ વાડી ખાતે આજે રાત્રે ૮:૦૦ કલાકે શ્રીહનુમાન ચાલીસા ના પાઠ અને હનુમાન ચરિત્ર સભા યોજાશે. જેના વક્તા તરીકે અથાણાવાળા હરીપ્રકાશદાસજી સ્વામી સારંગપુરધામ બિરાજશે. સમગ્ર સાવરકુંડલા તાલુકામાંથી મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**અયોધ્યામાં શ્રી રામનાં એક વર્ષની ઉજવણીનાં ભાગરૂપે**

# અમરેલીમાં આજે બાઈક રેલીનું આયોજન

અમરેલી, તા.૨૧



અયોધ્યામાં નવનિર્મિત ભગવાન શ્રી રામ મંદીરને એક વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યું છે. અયોધ્યામાં બનેલા રામ મંદીરને એક વર્ષ પૂર્ણ થવા પર રામભકતો અને હિંદુ સમાજમાં અનેરો થનગનાટ જોવા મળ્યો છે. સમગ્ર દેશમાં અયોધ્યામાં બનેલા રામ મંદીરની ઉજવણી કરવા તૈયારીઓ થઈ રહી છે ત્યારે અમરેલીમાં આજ તા. ૨૨/૦૧નાં રોજ વિશ્વ હિંદુ પરીષદ અને બજરંગદળ પ્રેરીત મહાદેવ ઠાકર અને મિત્રો દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામનાં એક વર્ષની ઉજવણીનાં ભાગરૂપે બાઈકરેલીનું આયોજન કરેલ છે. બાઈક રેલીનું પ્રસ્થાન સ્થળ શિવાજી ચોકથી રામજી મંદીર સુધી રહેશે. બપોરનાં ૩:૩૦ કલાકે યોજાનારી આ બાઈક રેલીમાં જોડાવવા માટે વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગદળ દ્વારા રામભક્તોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમરેલીમાં રૂા. ૧૨ લાખની કિંમતનો વિદેશી દારુનો નાશ કરાયો

**બોટલ પર બુલડોઝર ફરતા દારૂના ફુવારા છુટ્યા**

અમરેલી, તા.૨૧



અમરેલી પોલીસ સ્ટેશનના કુલ-૧૭ ગુન્હાઓમાં પકડાયેલ અલગ અલગ બ્રાંડના ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૫૨૧૪ જેની અંદાજિત કિંમત રૂ. ૧૨,૦૫,૨૪૧/- થાય છે તેનો આજે નાશ કરવામાં આવ્યો હતો. આ માટે ચીફ. જ્યુ.મેજીસ્ટ્રેટ પાસેથી હુકમો મેળવવામાં આવ્યા હતા. અમરેલીના ઠેબી ડેમ નજીક ગોળીબારના ટેકરા પાસે પડતર ખરાબાની સરકારી જમીનમાં આ દારુના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com








મુકેશ સંધાણી 94281 45595

New Number 97230 67130

હર્ષદ સંધાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?




મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com

C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯


## મામલતદાર કચેરી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર કોર્ટ રોડ, વિસાવદર

નં.એમએજી/કેસ નં.૧૪/૨૦૨૫ (By Reg. A.D.) તા.૧૭/૦૧/૨૦૨૫

શ્રી ધીરૂભાઈ સવશીભાઈ સિણવીયા
રહે.હસનાપુર,તા.વિસાવદર ....અરજદાર

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
(રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા.વિસાવદર)
ઠે.રેન્જ ફોરેસ્ટ ઓફીસ, સતાધાર રોડ, હનુમાનપરા, વિસાવદર..સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ધીરૂભાઈ સવશીભાઈ સિણવીયા રહે. હસનાપુર, તા.વિસાવદર એ તેમના માતુ શ્રી જમનાબેન સવશીભાઈ સિણવીયાનું મરણ તા.૧૯/૦૫/૧૯૭૮ ના રોજ વિસાવદર તાલુકાના હસનાપુર ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટશ્રી-રાજપરા, તા.વિસાવદરના મરણ રજીસ્ટેર લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી -રાજપરા, તા.વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી,
(પી.વી.શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી,
(એન.બી.લાંધણોજા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર કોર્ટ રોડ, વિસાવદર

નં.એમએજી/કેસ નં.૧૦/૨૦૨૫ (By Reg. A.D.) તા.૧૭/૦૧/૨૦૨૫

શ્રી કાળુભાઈ મજબુતભાઈ વિકમા
રહે.ઘોડાસણ,તા.વિસાવદર, જી.જુનાગઢ ....અરજદાર

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - ઘોડાસણ, વિસાવદર ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી કાળુભાઈ મજબુતભાઈ વિકમા રહે. ઘોડાસણ, તા.વિસાવદરએ તેમના ભાણકી-ભાણેજ શ્રી માયાબેન વરદાનભાઈ બોરીચાનો જન્મ તા.૧૯/૦૬/૧૯૯૬ ના રોજ વિસાવદર તાલુકાના ઘોડાસણ ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી-ઘોડાસણ, તા.વિસાવદરના જન્મ રજીસ્ટેર લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - ઘોડાસણ, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી,
(પી.વી.શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી,
(એન.બી.લાંધણોજા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/ કેસ નં.૦૯/૨૦૨૫ તા.૧૭/૦૧/૨૦૨૫

શ્રી લાખાભાઈ અરજણભાઈ કાતરીયા
રહે. ધારી, નવી વસાહત, તા. ધારી, જી. અમરેલી ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી- વેકરીયા, તા.વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી લાખાભાઈ અરજણભાઈ કાતરીયા રહે. ધારી તા. ધારીએ તેમનો જન્મ તા.૧૮/૦૮/૧૯૭૧ના રોજ વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી-વેકરીયા, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી-વેકરીયા, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/ કેસ નં. ૧૩/૨૦૨૫ તા.૧૭/૦૧/૨૦૨૫

શ્રી ધીરુભાઈ સવશીભાઈ સિણવીયા
રહે. હસનાપુર, તા.વિસાવદર ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
(રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા.વિસાવદર)
ઠે. રેન્જ ફોરેસ્ટ ઓફીસ, સતાધાર રોડ, હનુમાનપરા, વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ધીરૂભાઈ સવશીભાઈ સિણવીયા રહે. હસનાપુર, તા. વિસાવદર એ તેમના પિતાશ્રી સવશીભાઈ કરમશીભાઈ સિણવીયાનું મરણ તા.૦૨/૦૬/૧૯૯૮ ના રોજ વિસાવદર તાલુકાના હસનાપુર ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા.વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા.વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

# ફાયર NOC વિના બગસરાની શાળાનું કરોડોનું બિલ્ડિંગ એક વર્ષથી બંધ

બગસરા,તા.૨૧

બગસરામાં કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલી શાળાઓના નવા મકાનો ફાયર NOC (એનઓસી)ના અભાવે એક વર્ષથી બિનઉપયોગી પડ્યા છે. શહેરની એકમાત્ર કન્યાશાળા અને તાલુકા શાળા બંનેના વિદ્યાર્થીઓ જૂના અને જર્જરિત મકાનોમાં અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત જૂન માસમાં ફાયર NOCની અરજી નામંજૂર થઈ હોવા છતાં ઉપરી અધિકારીઓને આ અંગે જાણ કરવામાં આવી નથી. આ બાબત કોન્ટ્રાક્ટર સાથેની મિલીભગત હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે, જેથી વોરંટી પીરિયડ પૂરો કરી શકાય.કન્યાશાળાના આચાર્ય હિમાંશુભાઈ છાટબારે જણાવ્યું કે



પૂરતી સુવિધાઓના અભાવે શાળા બે પાળીમાં ચલાવવી પડે છે, જે શિક્ષણ પર વિપરીત અસર કરે છે. વાલીઓએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે જો મકાનો ઉપયોગમાં ન લેવાના હોય તો સરકારે કરોડોનો ખર્ચ શા માટે કર્યો?સ્થાનિક લોકોની માંગ છે કે જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને તાત્કાલિક ધોરણે બંને શાળાઓને ફાયર NOC આપી મકાનો કાર્યરત કરવામાં આવે, જેથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક હિત જળવાઈ રહે.

# માંગણી નહી સંતોષાતા સામાજિક કાર્યકર નાથાલાલ સુખડીયાનું અર્ધનગ્ન હાલતમાં પ્રદર્શન

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાના દેવભૂમિ દેવળીયા ગામના સામાજિક કાર્યકર દ્વારા ભાજપના સિનિયર નેતા પૂર્વ સાંસદ નારણ કાછડીયા સામે મોરચો માંડવામાં આવ્યો છે. પૂર્વ સાંસદ નારણ કાછડીયા સામે અલગ અલગ ૪ જેટલી માંગણીઓ સાથે લેખિત રજૂઆતો કરવામાં આવી હતી, નાથાલાલ સુખડીયા દ્વારા તંત્રને લેખિત ૭ દિવસ પહેલા અરજી આપવામા આવી હતી. તેમની માંગ સ્વીકારવામાં નહિ આવે તો કલેકટર



કચેરીમાં અર્ધનગ્ન હાલતમાં બેસી વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. જેને લઈને આજે નાથાલાલ સુખડીયાએ કલેક્ટર કચેરીમાં અર્ધનગ્ન હાલતમાં આવી બેસી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શનને લઈ પોલીસ પણ દોડી આવી હતી અને બંદોબસ્ત ગોઠવાયો હતો. જોકે, આ પ્રદર્શન બાદ કલેકટર કચેરી દ્વારા તપાસ કરવા માટે લેખિત આદેશ કરતા હાલ પૂરતું આંદોલન મોકૂફ રાખવામાં આવ્યું છે. આગામી દિવસોમાં વધુ કાર્યવાહી નહિ કરવામાં આવે તો ફરી નાથાલાલ સુખડીયા માલધારીઓ સાથે આંદોલન કરશે એવી ચીમકી ઉચ્ચારી છે.

# લાઠીના ભીંગરાડ ગામની પરિણીતાએ પુત્રીને જન્મ આપતાં સાસરિયાએ કનડગત કરી

લાઠી, તા.૨૧

લાઠીના ભીંગરાડ ગામની પરિણીતાએ પુત્રીને જન્મ આપતાં સાસરિયાએ સિતમ ગુજારવાનું શરૂ કર્યું હતું. હેતલબેન હસમુખભાઈ રેવર (ઉ.વ.૨૭)એ પાલીતાણાના નોંઘણવર ગામે રહેતા પતિ પંકજભાઈ રાઘવભાઈ ગોહિલ, સસરા રાઘવભાઈ મીઠાભાઈ ગોહિલ, સાસુ રેખાબેન રાઘવભાઈ ગોહિલ, યોગેશભાઈ રાઘવભાઈ ગોહિલ, હિંમતભાઈ મીઠાભાઈ ગોહિલ, વિમુબેન હિંમતભાઈ ગોહિલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ ફરિયાદીને લગ્ન બાદ દોઢેક વર્ષ સારી રીતે રાખી ત્યારબાદ તેમને પહેલા ખોળે સંતાનમાં દિકરીનો જન્મ થયો હતો. જેથી આરોપીઓએ અમારે દિકરો જોઈએ છે અને તારે દિકરી આવી એમ કહી અવાર-નવાર મેણા ટોણા મારતા હતા. ઉપરાંત મારા મારી કરી માનસીક અને શારીરીક દુઃખ ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી એલ ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ફોટોગ્રાફરને રાડો પાડીશ તો બ્લેડથી ગળું કાપી નાખીશ કહી ધમકી આપી

**પ્રેમલગ્ન મુદ્દે માથાકૂટ થઈ**

અમરેલી, તા.૨૧

અમરેલીમાં એક ફોટોગ્રાફરને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. ઉપરાંત લાફો મારી ઈજા કરી, તેમજ ગામમાં સરઘસ કાઢી, કટકા કરી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મૂળ પીપળલગ ગામના અને હાલ અમરેલીમાં રહીને વીડિયોગ્રાફીનો વ્યવસાય કરતા દર્શનભાઈ ભીખુભાઈ ભાસ્કર (ઉ.વ.૨૨) એ ડેડાણ ગામે રહેતા રાજુભાઈ કાનાભાઈ પરમાર (મામાજી) તથા માલકનેસ ગામે રહેતા ચેતનભાઈ મનજીભાઈ સોંદરવા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પત્નિએ માતા-પિતાની વિરુદ્ધમા જઈ તેની સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. જે બાબતે તેના પત્નિ પક્ષે ખાર રાખ્યો હતો. તેઓ મોટરસાઈકલ લઈ લગ્નના વીડિયો શૂટિંગમાં અમરેલી જેસીંગપરા શિવાજી ચોકથી આગળ જતા જેસીંગપરા પ્રથમ પુલ પાસે પહોંચ્યા ત્યારે આરોપીએ તેમનું મોટર સાયકલ ઊભું રખાવ્યું હતં. જે બાદ તેમને રાડો પાડીશ તો બ્લેડથી ગળું કાપી નાખીશ તેવી ગર્ભિત ધમકી આપી પોતાના મો.સા.માં બળજબરી પૂર્વક બેસાડી અપહરણ કરી ચલાલા તરફ લઈ ગયા હતા. આ દરમિયાન બંને આરોપીઓએ જેમફાવે તેમ ગાળો આપી, ચાલુ મોટર સાયકલે ઘુસતા માર્યા હતા. તેમજ મામાજીએ માથામાં પાછળના ભાગે બ્લેડ વડે ઘા મારી તથા લાફો મારી ઈજા પહોંચાડી હતી. તેમજ ગામમાં સરઘસ કાઢી કટકા કરી નાખવાની ધમકી આપીને મોબાઈલ, પાકીટ તથા મોસાની ચાવી, કેમેરાની બેટરી, ચાર્જિંગ બળજબરીપૂર્વક કાઢી લીધા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી પીએસઆઈ આર ડી કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાયો

અમરેલી,તા.૨૧

રાજયમાં ઠંડીમાં ઘટાડો થતા અમરેલી જિલ્લામાં પણ તાપમાનનો પારો ઉંચકાયો હતો. જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાતા લોકો ગરમીનો અનુભવ કરી રહ્યાં છે. સવારે ગુલાબી ઠંડીનો અનુભવ કર્યા બાદ બપોરના સમયે લોકો ગરમીનો અનુભવ કરી રહ્યાં છે. અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો સડસડાટ ઉંચો ચડતા ૧૫ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયુ હતુ.


**સંકુલ ધો. ૬ થી ૮ કન્યા શાળા - ધો. ૬ થી ૮ કુમાર શાળા જુન થી બન્ને શાળા - મીશ્ર શાળા તરીકે કાર્યરત થશે**

★KG થી ધો. ૫ ગુજરાતી મિડીયમ કન્યા – કુમાર મીશ્ર શાળા છે – મીશ્ર રહેશે.
★ધો. ૬ થી ૮ ગુજરાતી મિડીયમ કન્યા – કુમાર મીશ્ર શાળા થશે – મીશ્ર ચાલશે.
★ધો. ૯ થી ૧૨ ગુજરાતી મિડીયમ કન્યા શાળા અલગ ચાલે છે – અલગ રહેશે.
★ધો. ૯ થી ૧૨ ગુજરાતી મિડીયમ કુમાર શાળા અલગ ચાલે છે – અલગ રહેશે.
★KG થી ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ – સ્ટાફ સ્ટુડન્ટ્સ પેરેન્ટ્સ – સુચન આવકાર્ય

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 098


# પાઈપલાઈનની કામગીરી એક માસ સુધી બંધ રાખવા વડીયા મામલતદારને ખેડૂતોનુ આવેદન

વડીયા,તા.૨૧

વડિયા-કુંકાવાવમાંથી નર્મદાના પાણીની પાઈપલાઈન ભેસાણ તરફ જાય છે તેની કામગીરી હાલ ચાલુ કરવામાં આવી છે.ચોમાસા બાદ ખેડૂતોએ પોતાની જમીનમાં શિયાળુ પાક ચણા,ધાણા,તુવેર જેવા પાકોનુ વાવેતર કરેલ હોય જે એક માસમાં સંપૂર્ણ તૈયાર થાય તેમ હોય ત્યારે હાલ આ ખેડૂતોના તૈયાર થતા પાકમાં પાઈપલાઈન નાખનાર કોન્ટ્રાકટર જેસીબીથી ખોદકામ કરીને ઉભાપાકને નુકસાની કરતા



હોય ત્યારે ખેડૂતોએ આ કામગીરી થોડા સમય માટે વડિયાથી ખાખરીયા આસપાસ અટકાવી હતી તે ફરી શરુ થતા ખેડૂતો એ હાલ વડિયા મામલતદાર ને આવેદનપત્ર આપી ને આ કામગીરી એક માસ પૂરતી મુલતવી રાખીને ખેડૂતોના મોઢે આવેલો શિયાળુ પાકનો કોળિયો ના છીનવાય અને હાલ તુરંત આ કામગીરી બંધ કરવા સૂચના આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ.નં.૧૧/૨૦૨૫ તા.૧૭/૦૧/૨૦૨૫

શ્રી ગભરૂભાઈ મુળુભાઈ જેબલીયા
રહે. ભટ્ટવાવડી, તા.વિસાવદર. જી.જુનાગઢ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભટ્ટવાવડી, તા. વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ગભરૂભાઈ મુળુભાઈ જેબલીયા રહે. ભટ્ટવાવડી, તા.વિસાવદરએ તેમના પુત્ર શ્રી રાજદીપ ગભરૂભાઈ જેબલીયાનો જન્મ તા.૨૦/૦૯/૨૦૦૧ ના રોજ વિસાવદર તાલુકાના ભટ્ટવાવડી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - ભટ્ટવાવડી, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - ભટ્ટવાવડી, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસૂર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલકસ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૯૦/૨૦૨૪

અરજદાર :- શ્રી અશોકકુમાર રતિલાલ જાની
સરનામું:- મું.મોટા ઉચાણીયા, જાફરાબાદ, તા.જાફરાબાદ, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને,
ચીફ ઓફીસરશ્રી - નગરપાલિકા જાફરાબાદ
મું. જાફરાબાદ, તા.જાફરાબાદ, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના શ્રી અશોકકુમાર રતિલાલ જાની એ તેમના માતા નામે સ્વ.શ્રી નિર્મળાબેન રતિલાલ જાનીનું મરણ તા.૨૩/૦૪/૨૦૦૯ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે, જાન્યુઆરી સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સહી,
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૭/૦૧/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તંત્રી લેખ**

# ગુજરાત હવે દરિયાઈ વેપાર ઉદ્યોગનું હબ બનશે

ગુજરાત હવે દરિયાઈ વેપાર ઉદ્યોગનું રાષ્ટ્રનું મુખ્ય કેન્દ્ર બને તે માટેના સઘન પ્રયાસો ચાલી રહ્યા છે.ગત સપ્તાહે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય મેરી ટાઈમ બોર્ડ દ્વારા એક ભવ્ય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યને રાષ્ટ્રનું દરિયાઈ વ્યાપાર ઉદ્યોગનું હબ બનાવવાનું આયોજન વિચારવામાં આવ્યું હતું ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા રાજ્યના બંદરોના વિકાસ માટે શું થઈ શકે તે માટે વિસ્તૃત વિચારણા આ સેમિનારમાં કરવામાં આવી હતી આ સેમિનારનું મહત્વનો મુદ્દો કોસ્ટલ શિપિંગ બિલ ૨૦૨૪ પર આધારિત હતો. રાષ્ટ્રમાં એકમાત્ર ગુજરાત રાજ્ય એવું છે જે સૌથી વધુ લાંબો દરિયા કિનારો ધરાવે છે સેટેલાઈટ ના જુના ડેટા મુજબ ગુજરાતનો દરિયા કિનારો ૧૬૦૦ કિલોમીટર લાંબો હોવાનું જણાવવામાં આવ્યું હતું પરંતુ લેટેસ્ટ સંશોધનો અને સર્વે મુજબ ગુજરાતનો દરિયાકિનારો હવે વધુ લાંબો છે. તેમાં દરિયા કિનારા ની લંબાઈ ૧૬૦૦ કિલોમીટર કરતાં વધારે સર્વે દ્વારા નોંધવામાં આવી છે. દેશમાં સૌથી વધુ બંદરો ગુજરાત રાજ્યમાં આવેલા છે આથી ગુજરાત રાજ્યને દરિયાઈ વ્યાપાર ઉધોગ નો હબ બનાવવા માટે ઝડપભેર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ગુજરાતના મધ્યમ કક્ષાના બંદરોમાં ભાવનગર પોર્ટનું સ્થાન મહત્વનું છે અહીં આગામી સમયમાં ૧૯,૦૦૦ હજાર કરોડને ખર્ચે સીએનજી ટર્મિનલ નું નિર્માણ થવાનું છે તે માટેની સર્વેની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાતના મુખ્ય બંદરોમાં ભાવનગર બંદર નું સ્થાન અગ્રસ્થાને આવી જશે અહીં નવી જેટીઓ તથા આધુનિક નવા લોકગેટનું પણ આયોજન વિચારવામાં આવી રહ્યું છે. જૂની કોન્ક્રીટ જેટીને સ્થાને નવી જેટીઓ બનાવવામાં આવશે તથા સામેની સાઈડમાં આવેલી નોર્થ સર્વે જેટીનું પણ નવેસરથી નિર્માણ આગામી સમયમાં મલ્ટીનેશન કંપનીઓ દ્વારા હાથ ધરવામાં આવશે અને ગુજરાતને રાષ્ટ્રનું સૌથી પહેલું સીએનજી ટર્મિનલ તરીકે ભાવનગર બંદર પ્રાપ્ત થશે.ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ગુજરાતની કોસ્ટલ શિપિંગ નીતિઃ સપ્લાય જેન્સમાં નમુના રૂપ પરિવર્તન થીમ હેઠળ એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. નીતિનિર્માતાઓ શિક્ષણ વિદો અને દરિયાઈ નિષ્ણાંતોએ ગુજરાતમાં દરિયાઈ શિપિંગ ને વધારવા અને રાષ્ટ્રીય લોજિસ્ટિક માળખાનમાં તેના એકીકરણ માટે વ્યુહરચના અંગેની આ સેમિનારમાં કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય મેરી ટાઈમ બોર્ડના મુખ્ય બંદર સત્તાવાળાઓ ભારત સરકારની એજન્સીઓ અને મુખ્ય ખાનગી કંપનીઓ સહિતના વિવિધ પ્રકારના સમુદ્રી ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપાર ઉદ્યોગના આગેવાનો પાસેથી આંતરદ્રષ્ટિ અને ભલામણો એકત્રિત કરવા નો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ડીજી શિપિંગ, દિનદયાળ પોર્ટ ઓથોરિટી, અદાણી, અલ્ટ્રાટેક સિમેન્ટ, જેવી જાણીતી કંપનીઓએ દરિયાઈ પડકારોનો સામનો કરવા અને દરિયાઈ શિપિંગના ભવિષ્યને આકાર આપવા માટે મહત્વના ઈનપુટ નું યોગદાન આપ્યું હતું ભારતના દરિયાઈ શિપિંગ ક્ષેત્રમાં ગુજરાતની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો ગુજરાત રાજ્યમાં અત્યારે ૪૯ બંદરો દ્વારા દેશના દરિયાઈ કાર્ગોનો ૨૯ ટકા હિસ્સો આયાત નિકાસ કરવામાં આવે છે દરિયાકાંઠાના શિપિંગ ખર્ચની અસરકારકતા અને રોડ અને રેલવે પરિવહન કરતા પર્યાવરણીય લાભો પર ભાર મૂકવામાં આવ્યો હતો તેને ચીન અને યુરોપિયન યુનિયન માં સફળ સિસ્ટમોની જેમ લોજિસ્ટિક ખર્ચ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાના ઉકેલ તરીકે રજૂ કરવામાં આવ્યા હતા ઊંચા લોજિસ્ટિક ખર્ચ તથા માળખાગત સુવિધાઓમાં અંતર અને નિયમનકારી અવરોધો જેવા પડકારોની ચર્ચા કરવામાં આવી હતી પ્રસ્તાવિત ઉકેલોમાં સમર્પિત દરિયાકાંઠાના વિસ્તારો વિકસાવવા તથા બંદર જોડાણ વધારવા સૂચનો કરવામાં આવ્યા હતા.

# બાબરાના મોટા દેવળીયા ગામે ખાડાઓ બૂરવા ગ્રામજનોએ તગારા-પાવડા ઉપાડ્યા

બાબરા,તા.૨૧

બાબરા તાલુકા ના ૧૦થી વધુ ગામોને જોડતા બાબરા મોટાદેવળિયા રોડની છેલ્લા કેટલાક વર્ષોથી બિસ્માર હાલત હોવાના કારણે રાહદારીઓમાં આક્રોશ ફેલાયો હતો. ગ્રામ્ય આગેવાનો દ્વારા તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત તેમજ જવાબદાર તંત્રને રજૂઆત કરવા છતાં યોગ્ય નિરાકરણ નહી આવતા ચમારડી ગામના



તસવીર : દિપક કનૈયા

આગેવાન જીવનભાઈ પીઢડીયાની આગેવાનીમાં ખાડાબુરવા માટેનું ખાતમુહૂર્ત કરી સરકારનો નવતર વિરોધ કરાયો હતો. બાબરાથી મોટાદેવળિયા સુધીના ૨૫ કિમી રોડ સાથે તાલુકાના ૧૦ જેટલા ગામોને જોડતા રસ્તામાં મસમોટા ખાડા હોવાથી અવાર નવાર નાના મોટા અકસ્માતો ની હારમાળા સર્જાય રહી છે જેમાં માનવ જીવ સહિત જાનમાલનું નુકસાન થાય છે અનેકવાર રજુઆત કરવા છતાં યોગ્ય નિરાકરણ નહી આવતા ચમારડી,વલારડી,કુંવરગઢ સહિતના ગ્રામજનો રોડ ઉપર એકત્ર થઈ માટીથી ખાડા બુરવા માટે ખાતમુહૂર્ત કરી અને જાતે તગારા પાવડા અને ત્રિકમ ચલાવી રસ્તો રીપેર કરવા કામગીરી હાથ ધરી હતી.

# મોટા માંડવડા ગામે વાડીએ યુવકને બંદૂક બતાવી ધમકાવ્યો

અમરેલી, તા.૨૧

મોટા માંડવડા ગામે વાડીએ એક યુવકને બંદૂક બતાવી ધમકાવવામાં આવ્યો હતો. બનાવ અંગે બગસરામાં રહેતા મયુરભાઇ નાગભાઇ વાળા (ઉ.વ.૩૪)એ મોટા માંડવડાના શાયર બાબુભાઇ પીંજારા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બે દિવસ પહેલા સાંજના સાડા સાત પોણા આઠેક વાગ્યે તેની વાડીમાં તેઓ તથા સાહેદ માટે જમવાનો પ્રોગ્રામ કર્યો હતો. પ્રોગ્રામ દરમિયાન તેમને અને સાહેદ રણજીતભાઇ આવેલા જે પૈકી સાહેદ રણજીતભાઇ સાથે બોલાચાલી કરી, આરોપીએ તેની વાડીમાં આવેલ ઝુપડીની છત્તમાંથી પ્રતિબંધીત દેશી બંધુક જેવું હથિયાર કાઢી સાહેદ રણજીતભાઇ સાથે ઝપાઝપી કરી, ઢીકાપાટુની મુંઢ ઈજા કરી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જી એ પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના શીરવાણીયા ગામે પતિ-પત્ની પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો

બાબરા, તા.૨૧

બાબરાના શીરવાણીયા ગામે પતિ-પત્ની પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે વાકીયા ગામે રહેતા ચોથાભાઈ ઉર્ફે ભકુભાઈ નાનજીભાઈ મકવાણા (ઉ.વ.૪૭)એ કરીયાણા ગામના શીવાભાઈ લખમણભાઈ ભેસજાળીયા તથા વિજયભાઈ લખમણભાઈ ભેસજાળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે રસનાળ ગામે જમીન વાવવા માટે ભાગ્યું રાખ્યું હતું. તેની બાજુમાં આરોપીએ પણ વાડી ખેતર ભાગ્યું રાખ્યું હતું અને જમીનમાં પાણી પાવા બાબતે આશરે ત્રણેક મહિના પહેલા માથાકુટ થઈ હતી. તે વાતનુ મનદુઃખ રાખી શીરવાણીયા ગામે આવેલા સીતાપરીના નદીના કાંઠે તેઓ તથા તેમના પત્નિ જતા હતા ત્યારે તેમને રોકી આરોપીઓએ તેમને તથા તેમના પત્નિને જેમ ફાવે તેમ ગાળો આપી, હાથમાં રહેલી લોખંડની પાઈપો વડે માર માર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય એચ પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# ગર્લ્સ હાઈસ્કૂલ સાવરકુંડલાની વિધાથીની અમરેલી જિલ્લામાં નિબંધ સ્પર્ધામાં પ્રથમ

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની નાજમીન ફિરોજભાઈ ઝાખરાએ અમરેલી જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળા અને પરિવારનું નામ રોશન કર્યું હતું. આ નિબંધસ્પર્ધા નિમિત્તે વિદ્યાગુરુ ફાઉન્ડેશન - સાવરકુંડલા દ્વારા સમગ્ર અમરેલી જિલ્લામાં નિબંધ



સ્પર્ધામાં ગોવિંદભાઈ ધોળકિયા 'ડાયમંડ કિંગ' ના સમગ્ર જીવન વિશે વિદ્યાર્થીની નાજમીન બહેને નિબંધ લખીને પૂજ્ય મોરારીબાપુ તેમજ ગોવિંદભાઈ ધોળકિયાના હસ્તે ૧૫૦૦૦ તેમજ શિલ્ડ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું હતું.

# 'નવો મોબાઈલ તારા પાસેથી જ લઈશ જો તું નહી આપે તો તને જાનથી મારી નાખીશ'

**રાજુલામાં મોબાઇલના વેપારીને ધમકી આપી**

રાજુલા, તા.૨૧

રાજુલામાં રહેતા એક મોબાઈલના વેપારીને નવો મોબાઈલ તારા પાસેથી જ લઈશ જો તું નહી આપે તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે પ્રદિપભાઇ બાબુભાઈ સોલંકી (ઉ.વ.૩૨)એ રણજીતભાઈ માણકુભાઈ વાળા (ઉ.વ.૩૩) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની હર્ષ મોબાઈલ નામની દુકાને ગ્રાહક ભરતભાઈ રમેશભાઈ ધાખડા રહે.વડલી વાળા આરોપીને સાથે લઈને ભરતભાઈએ તેનો વીવો કંપનીનો મોબાઈલ ફોન તેમની દુકાને બેટરી બદલવા આપ્યો હતો. આરોપીએ તેમને તમારા ફોનમાં બેટરી બદલે એમ નથી અને મારી પાસે નવી બેટરી નથી તેમ કહી મોબાઈલ પરત આપ્યો હતો. જેથી ઉશ્કેરાઈને ગાળો આપવા લાગ્યા હતા. તેમજ તેમના ગ્રાહક ભરતભાઈનો મોબાઈલ જમીન ઉપર પછાડી તોડી નાખી નુકશાની કરી હતી અને જતા જતા નવો મોબાઈલ તારા પાસેથી જ લઈશ જો તું નહી આપે તો તને જાનથી મારી નાખીશ એવી ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે વી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં યુવકને અજાણ્યા નંબર પરથી ફોન કરી દિકરીને ઉઠાવી લેવાની ધમકી આપી

**દિકરીના પિતાએ અજાણ્યા મોબાઈલધારક સામે પોલીસ ફરીયાદ નોંધાવી**

બગસરા, તા.૨૧

બગસરામાં એક યુવકને અજાણ્યા નંબર પરથી ફોન કરીને તેની દીકરીને ઉઠાવી લેવાની ધમકી આપી હતી. બનાવ અંગે હરેશભાઈ મેઘજીભાઈ શેખવા (ઉ.વ.૪૫) એ અજાણ્યા મોબાઈલ નંબર ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, બે અજાણ્યા નંબર પરથી આવેલા ફોન કરી તેમની દિકરીને ઉઠાવી લેવાની ધમકી આપી હતી. તેમજ તેમની બન્ને દિકરીઓના મોબાઈલમાં ફોન કરી તમારા પપ્પાનો મિત્ર છું મને ગુગલ પેમાં પૈસા મોકલ તેવુ કહ્યું હતું. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ એચ મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૫ | ૧૫૨૫ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૭૪ |
| જુવાર સફેદ | ૭૭૧ | ૯૧૧ |
| જુવાર પીળી | ૪૧૧ | ૫૫૪ |
| તુવેર | ૧૨૪૦ | ૧૬૪૦ |
| ચણા પીળા | ૧૦૨૦ | ૧૨૬૫ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૫૦૦ |
| અડદ | ૧૨૬૮ | ૧૬૦૨ |
| મગ | ૧૨૦૦ | ૧૮૩૦ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૪૯૦ |
| વાલ પાપડી | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ચોળી | ૧૪૫૮ | ૨૯૩૩ |
| મઠ | ૭૦૦ | ૧૨૬૧ |
| કળથી | ૮૧૫ | ૯૨૫ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૫૦ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૫૦ |
| તલી | ૧૭૦૦ | ૨૩૨૩ |
| એરંડા | ૧૨૨૨ | ૧૨૭૯ |
| અજમો | ૧૫૪૪ | ૨૦૨૧ |
| સુવા | ૭૭૫ | ૧૩૧૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૩૫ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૧૦ |
| કાળા તલ | ૩૩૮૦ | ૪૪૦૦ |
| લસણ | ૧૫૧૧ | ૩૪૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૬૦૦ |
| મરચા સુકા | ૧૧૫૦ | ૨૪૫૦ |
| ધાણી | ૧૨૬૦ | ૧૮૪૬ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૨૮૬ |
| મેથી | ૮૮૦ | ૧૨૧૮ |
| રાયડો | ૯૪૦ | ૧૧૨૬ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૪૪૯૯ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૦૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૯૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૩૫ | ૪૬૦ |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૭૦ | ૨૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૬૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૪૬૦ | ૬૨૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૮૦ | ૪૩૦ |
| મેથી | ૭૦ | ૨૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૧૦૦ |
| ચણા લીલા | ૧૨૦ | ૪૧૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૭૦૦ | ૧૩૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૩૦ | ૧૧૦૪ |
| ગીરનાર શીંગ | ૧૧૦૦ | ૧૧૯૦ |
| શિંગ મોટી | ૮૨૫ | ૧૧૪૧ |
| શિંગ ફાડા | ૯૪૦ | ૧૩૪૫ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૨૫૬ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૫૭૦ |
| તલ કાશ્મીરી | ૨૬૨૫ | ૨૭૦૨ |
| બાજરો | ૫૪૫ | ૫૪૫ |
| જુવાર | ૫૫૦ | ૯૫૫ |
| ઘઉં ટુકડા | ૫૯૧ | ૬૫૮ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૫૮ |
| મગ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૦૫ |
| ચણા | ૯૪૮ | ૧૨૨૩ |
| ચોળી | ૧૭૩૫ | ૧૮૧૯ |
| તુવેર | ૧૧૪૦ | ૧૬૦૬ |
| કપાસ | ૯૩૦ | ૧૪૮૮ |
| એરંડા | ૧૦૨૫ | ૧૨૦૯ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૩૦૫ |
| ધાણા | ૧૨૧૦ | ૧૪૨૫ |
| મેથી | ૭૧૦ | ૧૦૨૨ |
| સોયાબીન | ૬૭૨ | ૮૨૨ |
| મરચા લાંબા | ૬૧૦ | ૩૩૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૪૦ |
| રીંગણાં | ૪૦૦ | ૫૫૦ |
| ફુલાવર | ૯૦ | ૨૨૦ |
| કોબીજ | ૬૦ | ૨૨૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૮૦ | ૧૧૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ગાજર | ૪૪૦ | ૫૫૦ |
| દૂધી | ૧૫૦ | ૨૫૦ |
| કારેલા | ૭૪૦ | ૮૫૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૧૦ | ૧૬૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૪૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| વટાણાં | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલાં | ૪૪૦ | ૫૫૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| ચણાં લીલા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૮૪૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૭૧૦ | ૭૬૦ |
| કોથમીર | ૨૨૦ | ૩૪૦ |
| મેથીભાજી | ૨૧૦ | ૩૦૦ |
| ફુદીનો | ૫૨૦ | ૬૪૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| તુવેર | ૩૦૦ | ૫૨૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૫૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૩૪૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૮૪૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૯૪૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૧૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૬૪૦ |
| વાલ | ૬૨૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૧૨ | ૧૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૮૨ | ૧૪૮૪ |
| મગફળી | ૯૭૧ | ૧૦૬૬ |
| સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| ચણાનવા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૯૦ | ૧૧૨૨ |
| મગફળી ૩૨ નં. | ૯૪૦ | ૧૦૬૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૬૩૪ |
| ઘઉં | ૫૨૫ | ૬૮૧ |
| જુવાર | ૬૭૦ | ૮૭૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૬ |
| જી.તલ | ૨૧૦૦ | ૨૬૯૦ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૨૦૪ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૧૮૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૩૮ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૩૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૧૦૦ |
| તલ પીળા | ૨૩૭૦ | ૨૬૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૧૫ |
| બાજરો | ૫૫૫ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૨૧ |
| જુવાર | ૪૯૩ | ૯૦૦ |
| મગ | ૧૪૦૧ | ૧૯૫૧ |
| અડદ | ૧૧૫૦ | ૧૩૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૧ | ૭૯૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૭૪ |
| ઘઉં લોકવન | ૫૭૪ | ૬૨૮ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૮૨ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૧૭૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૨૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૦ | ૧૨૮૬ |
| તલ લાલ | ૨૨૫૧ | ૨૨૫૧ |
| જીરૂ | ૩૮૫૧ | ૪૫૦૧ |
| વરીયાળી | ૧૦૨૧ | ૧૩૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૭૦૧ |
| લસણ સુકું | ૧૫૦૧ | ૩૪૪૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૪૨૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૫૮૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૮૧ |
| રાય | ૯૦૧ | ૧૨૪૧ |
| મેથી | ૮૬૧ | ૧૦૩૧ |
| સુવાદાણા | ૧૨૨૧ | ૧૨૨૧ |
| કાંગ | ૮૯૧ | ૮૯૧ |
| સુરજમુખી | ૪૪૧ | ૭૯૧ |
| મરચા | ૫૦૧ | ૩૭૦૧ |
| મગફળી જાડી | ૬૩૧ | ૧૨૫૦ |
| સફેદ ચણા | ૧૧૧૧ | ૨૧૫૧ |
| તલ - તલી | ૧૭૦૧ | ૨૫૧૧ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણી | ૮૭૬ | ૧૭૯૧ |
| ડુંગળી સફેદ | ૨૨૧ | ૩૭૬ |
| બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| જુવાર | ૭૦૦ | ૮૪૧ |
| મકાઇ | ૪૯૧ | ૪૯૧ |
| મગ | ૧૨૦૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૧૧ |
| વાલ | ૭૦૧ | ૧૫૦૧ |
| ચોળા / ચોળી | ૭૬૧ | ૨૫૮૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૩૧ |
| અજમાં | ૯૦૧ | ૯૦૧ |
| કળથી | ૭૪૧ | ૯૪૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૨૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૩૧ | ૧૪૫૧ |
| મગફળી | ૯૫૧ | ૧૦૦૧ |
| ઘઉં | ૫૪૦ | ૬૨૫ |
| ચણા | ૧૦૨૬ | ૧૦૨૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૭૦ | ૧૫૭૫ |
| કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૩૬૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૭૦ | ૧૧૩૫ |
| મગફળી બી.ટી | ૧૦૪૦ | ૧૦૭૦ |
| ઘઉં | ૬૦૦ | ૬૩૫ |
| જીરૂ | ૩૫૪૦ | ૪૨૭૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૧૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૩૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૩૧૫ |
| તલ કાળા | ૪૧૦૦ | ૪૨૦૨ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૩૫ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૮૧ |
| ઘઉં ટુકડા | ૬૨૧ | ૭૧૨ |
| બાજરો | ૬૦૦ | ૬૭૧ |
| અડદ | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૩૧ |
| તુવેર | ૧૨૫૧ | ૧૫૫૦ |
| સોયાબીન | ૭૫૧ | ૮૨૧ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૮૯ | ૧૪૬૩ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૪૮૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૭૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૪૧ |
| શિંગફાડા | ૮૫૧ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૮૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૪૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૩૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૩૦ | ૧૨૪૦ |
| શીંગ ૩૨ | ૯૮૮ | ૧૦૮૯ |
| શીંગ ૩૯ | ૯૮૦ | ૧૧૪૪ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૨ | ૧૧૪૮ |
| જુવાર | ૨૨૨ | ૯૩૯ |
| મગદેશી | ૧૫૮૫ | ૨૨૦૬ |
| ઘઉં ટુકડા | ૬૨૬ | ૭૨૧ |
| અડદ | ૭૦૦ | ૧૪૨૬ |
| બાજરી | ૫૦૦ | ૬૩૮ |
| સોયાબીન | ૭૫૦ | ૮૧૫ |
| ચણા | ૮૦૧ | ૧૦૨૬ |
| તલ સફેદ | ૧૯૪૬ | ૧૯૪૬ |
| ડુંગળી લાલ | ૧૮૯ | ૪૮૫ |
| ડુંગળી સફેદ | ૨૬૨ | ૪૬૧ |
| કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૩૬ |
| નાળીયેર | ૭૮૬ | ૨૧૦૭ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૨૫ |
| જુવાર | ૭૦૦ | ૭૯૫ |
| બાજરો | ૫૦૦ | ૫૫૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૬૬ |
| મગ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૧૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૯૦ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૧૪૦ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૧૨૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૧૦ |
| લસણ | ૧૫૦૦ | ૩૪૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૩૫ |
| અજમો | ૨૩૫૦ | ૬૦૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૪૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૬૦૦ |
| મરચા સુકા | ૫૫૦ | ૩૬૦૫ |
| સોયાબીન | ૭૮૦ | ૮૧૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૨૨ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૨૪ |
| તુવેર | ૧૦૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૫૪૦ | ૮૦૨ |
| મગફળી | ૬૫૮ | ૧૦૧૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૧૮૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| શીંગદાણા | ૯૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૦ |



લાગે તો તીર : અભણ માણસો આવો ધંધો કરે? 06

# આર્મી ડે : ફિલ્ડ માર્શલ કરિઅપ્પાએ કાશ્મીર બચાવેલું

ભારતનો આર્મી ડે ઉજવાઈ ગયો.

ભારત દર વરસે ૧૫ જાન્યુઆરીએ આર્મી ડે ઉજવે છે કેમ કે આઝાદીનાં લગભગ દોઢ વર્ષ પછી ૧૫ જાન્યુઆરી, ૧૯૪૯ના દિવસે ભારતીય લશ્કરનો હવાલો સંપૂર્ણપણે ભારતને સોંપાયો હતો. પહેલી વાર એક ભારતીય દેશના લશ્કરી વડા બન્યા હતા અને આ સન્માન મેળવનારા પહેલા ભારતીય જનરલ કે.એમ. કરિઅપ્પા હતા.

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો ત્યારે ભારતીય લશ્કર પર અંગ્રેજોનો અંકુશ હતો. સર લોકહાર્ટ ભારતીય લશ્કરના કમાન્ડર ઈન-ચીફ હતા. ૧ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ જનરલ સર ફ્રાન્સિસ બુચર ભારતના બીજા કમાન્ડર ઈન-ચીફ બન્યા. એક વર્ષ પછી એટલે કે ૧૫ જાન્યુઆરી, ૧૯૪૯ના દિવસે તેમણે ભારત સરકારને હવાલે ભારતીય લશ્કર કરી દીધું અને લેફ્ટનન્ટ જનરલ કાડાન્ડેરા એમ. કરિઅપ્પાને ભારતીય લશ્કરના કમાન્ડર ઈન-ચીફ તરીકેનો ચાર્જ સોંપ્યો.

ભારતનો ભારતના પોતાના લશ્કર પર ૧૫ જાન્યુઆરી, ૧૯૪૯ના રોજ સત્તાવાર રીતે કબજો થયો તેથી દર વરસે ૧૫ જાન્યુઆરીએ આર્મી ડે ઉજવાય છે. આર્મી ડેની ઉજવણી દેશભરમાં તમામ લશ્કરી છાવણીઓમાં થાય છે અને મુખ્ય સેલિબ્રેશન પણ અલગ અલગ સ્થળે થાય છે પણ મુખ્ય પરેડ પરંપરાગત દિલ્હી કેન્ટોન્ટમેન્ટના કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડમાં થાય છે. આ પરેડમાં પરમવીર ચક્ર વિજેતાઓના પરિવારો હાજર રહે છે તથા અશોક ચક્ર વિજેતા બહાદુર સૈનિકો ભાગ લે છે. ગેલેન્ટરી એવોર્ડ્સ તથા સેના મેડલ પણ અપાય છે.

દેશ માટે જાન ન્યોછાવર કરનારા બહાદુર સૈનિકોને શ્રધ્ધાંજલિ અપાય છે ને તેમના બલિદાનને યાદ કરીને ગર્વની લાગણી અનુભવાય છે. લશ્કરી સરંજામ અને બીજી ચીજોનું પ્રદર્શન પણ થાય છે. આર્મી ડે પરેડ એક રીતે ભારતીય લશ્કરના શક્તિ પ્રદર્શન જેવી હોય છે અને દેશના લશ્કરી વડા જવાનોમાં જોશ પૂરવા પ્રવચન પણ આપે છે.

ગયા વરસે આર્મી ડેની ઉજવણી બેંગલુરૂમાં થઈ હતી ને આ વખતે પૂણેમાં થઈ છે.

//////////////////////////

આર્મી ડે સાથે જનરલ કરિઅપ્પાનું નામ જોડાયેલું છે.

કર્ણાટકના ખેડૂત પરિવારમાં જન્મેલા જનરલ કરિઅપ્પાને પાકિસ્તાન સામેના ૧૯૪૭ના પહેલા યુધ્ધ વખતે બજાવેલી જોરદાર કામગીરી બદલ ફિલ્ડ માર્શલનો ખિતાબ અપાયેલો તેથી ઈતિહાસમાં ફિલ્ડ માર્શલ કરિઅપ્પા તરીકે પ્રખ્યાત થયા. ભારતના ઈતિહાસમાં બે જ લશ્કરી વડાને આ સન્માન મળ્યું છે. જનરલ કરિઅપ્પા પછી ૧૯૭૧ના યુધ્ધમાં ભારતને ભવ્ય વિજય અપાવીને પાકિસ્તાનના ઉભા ફાડિયા કરી નાખનારા જનરલ સેમ માણેકશા ફિલ્ડ માર્શલ બનનારા બીજા લશ્કરી વડા હતા. ફિલ્ડ માર્શલ વિશ્વમાં કોઈ પણ દેશના લશ્કરમાં સર્વોચ્ચ રેન્ક ગણાય છે.

જનરલ કરિઅપ્પાએ પાકિસ્તાન સામેના યુધ્ધમાં બજાવેલી કામગીરી બદલ તેમને ફિલ્ડ માર્શલનો ખિતાબ અપાયો તેની બધાને ખબર છે પણ કરિઅપ્પાએ શું કરેલું એ લોકોને ખબર નથી.

આર્મી ડે પર ફિલ્મ માર્શલ કરિઅપ્પાના સાહસને યાદ કરી લઈએ.

//////////////////////////

અંગ્રેજોની ગુલામીમાંથી ભારત ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયું અને સાથે સાથે ભારતના ભાગલા પણ પડ્યા. મુસ્લિમો માટે અલગ રાષ્ટ્રની વિચારધારા સાથેનું પાકિસ્તાન ભારત સાથે જ અસ્તિત્વમાં આવ્યું. આઝાદી વખતે અંગ્રેજોએ દેશી રજવાડાંને ભારત કે પાકિસ્તાનમાં ભળવાની પસંદગી કરવાની છૂટ આપી હતી. મોટા ભાગના રજવાડાં સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયત્નોથી ભારતમાં ભળી ગયા પણ હૈદરાબાદ, જૂનાગઢ અને કાશ્મીર સહિત થોડા રજવાડાં ભારતમાં નહોતા ભળ્યા.

આ પૈકી હૈદરાબાદ અને જૂનાગઢ પાકિસ્તાનમાં જવા માગતા હતા જ્યારે કાશ્મીરના રાજા હરિસિંહ સ્વતંત્ર રહેવા માગતા હતા અને ભારતમાં ભળવા તૈયાર નહોતા. પાકિસ્તાનનો કાશ્મીર પર પહેલાથી ડોળો હતો. આઝાદીના એક અઠવાડિયા પછી પાકિસ્તાને કાશ્મીર કબજે કરવા ઓપરેશન ગુલમર્ગ તૈયાર કરી નાખેલું.

પાકિસ્તાને સીધું આક્રમણ કરવાના બદલે લુચ્ચાઈ કરીને પોતાના સૈનિકોને તેણે કબાઈલી બનાવીને કાશ્મીરમાં ઘૂસાડવા માંડ્યા. પાકિસ્તાને ૨૦ હજાર સૈનિકો તથા બીજા ઘૂસણખોરોને કાશ્મીરમાં ઘૂસાડી દીધા પછી આ સૈનિકોએ ૩ ઓકટોબરે પૂંચ જિલ્લાના થોરારમાં પહેલું આક્રમણ કર્યું. ૨૨ ઓક્ટોબર, ૧૯૪૭ના રોજ મુઝફ્ફરનગર ક્ષેત્રમાં હુમલો કરી દીધો. આ બંને વિસ્તાર અત્યારે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં છે.

રાજા હરિસિંહે લશ્કરને મોકલ્યું પણ તેમાં મોટા ભાગના મુસ્લિમો હતા તેથી પાકિસ્તાને મોકલેલા સૈનિકો સાથે ભળી જતા કાશ્મીર સાવ નોંધારું થઈ ગયું. પાકિસ્તાની સૈનિકો છેક શ્રીનગર સુધી પહોંચવાની તૈયારીમાં હતા ત્યાં રાજા હરિસિંહને ભાન થયું. તેમણે મદદ માટે ભારત સરકારને પ્રાર્થના કરી. સરદાર પટેલે હરિસિંહ સામે પહેલી શરત એ મૂકી કે, કાશ્મીર ભારતમાં ભળી જાય તો મદદ કરીએ. હરિસિંહ પાસે વિકલ્પ નહોતો તેથી તેમણે ભારતમાં ભળી જવાના કરાર પર સહી કરવાની તૈયારી બતાવી.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા



//////////////////////////

સરદાર પટેલ એક્શનમાં આવ્યા અને તેમણે રાતોરાત શ્રીનગરના એરપોર્ટ પર ભારતીય સૈનિકોને ઉતારી દીધા. જનરલ થિમૈયાના નેતૃત્વમાં ભારતીય લશ્કરે શ્રીનગર બચાવી લીધું પણ કેટલાય વિસ્તારો પાકિસ્તાનના કબજામાં હતા અને તેમાં સૌથી મહત્વનો ઝોજીલા પાસ હતો.

પાકિસ્તાની લશ્કરે ઓક્ટોબરમાં ઝોજીલા પાસ પર કબજો કરી લીધેલો. પાકિસ્તાની લશ્કર દ્રાસ અને કારગિલ પર કબજો કરવા આગળ વધતું હતું. કારગિલ શ્રીનગરથી ૨૦૫ કિલોમીટર દૂર આવેલું છે જ્યારે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરના સ્કાર્દુથી ૧૭૩ કિલોમીટર દૂર છે. આ કારણે વ્યૂહાત્મક રીતે કારગિલ મહત્વનું છે.

કારગિલ પર કબજો થાય તો કાશ્મીર ખીણ અને લેહ-લદાખ પર પણ આસાનીથી કબજો કરી શકાય તેથી પાકિસ્તાને ઝોજીલા પાસ પર કબજો કરીને લેહ-લદાખ પર કબજો કરવાનું અભિયાન શરૂ કર્યું. ભારતીય લશ્કરના વેસ્ટર્ન આર્મી કમાન્ડર તરીકે લેફ્ટનન્ટ જનરલ કરિઅપ્પા હતા.

સરદાર પટેલના ફરમાનથી કરિઅપ્પા તરત શ્રીનગર પહોંચ્યા. ઝોજીલા પાસ પાકિસ્તાન પાસેથી મુક્ત ના કરાવાય તો લેહ-લદાક હાથથી જાય તેમ હતા તેથી કરિઅપ્પાએ પહેલાં ઝોજીલા પાસને મુક્ત કરાવવાનું અભિયાન હાથ ધર્યું. તેમણે ઓપરેશન ડકની યોજના બનાવી.

આ યોજના પ્રમાણે ભારતીય લશ્કરની ૭૭ પેરાશૂટ બ્રિગેડના સૈનિકો ગૂપચૂપ ઝોજીલા પાસ પર આક્રમણ કરવાના હતા. આ યોજના પ્રમાણે ભારતીય સૈનિકોને મોકલાયા પણ સૈનિકો નીચે ઉતરી શકે તેમ નહોતા તેથી તેમણે પાછા આવવું પડ્યું અને ઓપરેશન ડક નિષ્ફળ ગયું.

જનરલ કરિઅપ્પાએ તરત જ ઓપરેશન બિસન અમલમાં મૂક્યું અને સ્પેરો તરીકે જાણીતા મેજર જનરલ રાજિન્દર સિંહને આ ઓપરેશનની જવાબદારી સોંપી.

ભારતીય લશ્કરના ઈતિહાસમાં ઓપરેશન બિસન સૌથી દિલધડક ઓપરેશન મનાય છે. બરફથી છવાયેલા પહાડો પર ટેંકોને લઈ જઈને પાકિસ્તાનને હરાવવાનું કોઈને કલ્પના ના આવે એવું ઓપરેશન હાથ ધરાયું. રાજિન્દરસિંહની યોજના પ્રમાણે ભારતીય સૈનિકોએ એમ ફાઈવ સ્ટુઅર્ટ લાઈટ ટેંક્સને છૂટી પાડીને તેમના પાર્ટ્સને શ્રીનગરથી રવાના કરાયા. પાકિસ્તાનની નજર ના પડે એ માટે કામચલાઊ બ્રિજ બનાવીને આ સામાન ઉપર લઈ જવાયો. મદ્રાસ સેપર્સની બે કંપનીએ બાલતાલથી ઝોજીલા સુધીના પથરાળ અને ખાડાટેકરાવાળા રોડને સરખો કરીને જીપ પસાર થાય એવો રસ્તો તેમણે બનાવી દીધો. પાછલા રસ્તે જઈને ઝોજીલાથી આગળ ઘુમરી સુધીનો રસ્તો પણ જીપ જાય એવો બનાવી દીધો. આ રસ્તા પર જીપો મારફતે ટેંક્સના પાર્ટ મોકલાયા. ભારતીય સૈનિકોએ તેને જોડીને ટેંક્સ બનાવી દીધી અને પાકિસ્તાનને તેની ગંધ સુધ્ધાં ના આવી.

આ બધી તૈયારી પછી ૧ નવેમ્બરની વહેલી સવારે પાકિસ્તાની સૈનિકો હજુ ઘોરતા હતા ત્યારે જ રાજિન્દરસિંહ જીપમાં પોતાના સૈનિકોને લઈને નીકળ્યા. ટેંકોએ પણ કૂચ શરૂ કરી અને પેરાશૂટ સોલ્જર્સ પણ ઉતર્યા. પાકિસ્તાન કંઈ સમજે તે પહેલાં તો ધડાધડી શરૂ થઈ ગઈ. પાકિસ્તાની સૈનિકોમાં કેટલાંયના ઢીમ ઢળી ગયા. પાકિસ્તાની સૈનિકો ઝોજીલાથી ઘુમરી તરફ ભાગ્યા પણ ત્યાં પણ આપણું લશ્કર ટેંકો સાથે સ્વાગત માટે તૈયાર હતું.

કલાકોમાં તો પાકિસ્તાનની ટુકડીને સાફ કરીને ઝોજીલા પાસ પર ભારતે કબજો કરી લીધો. રાજિન્દરસિંહની આગેવાનીમાં ટુકડીએ આગેકૂચ કરીને લેહથી કારગિલ તરફ પણ હલ્લાબોલ કરી દીધેલું. ૨૪ નવેમ્બરે બંને ટુકડીઓ કારગિલમાં ભેગી થઈ. તેમની સામે ટકવાનું પાકિસ્તાનનું ગજું નહોતું તેથી એ લોકો મેદાન છોડીને ભાગ્યા ને સ્કરડુમાં જઈને ભરાયા.

જવાહરલાલ નહેરૂ આ મામલો યુનાઈટેડ નેશન્સમાં લઈ ગયા તેથી ભારતીય લશ્કરે અટકી જવું પડ્યું. બાકી જનરલ કરિઅપ્પાની યોજના તો પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર પણ કબજે કરી લેવાની હતી.

નેતાઓના કારણે આખું કાશ્મીર આપણે પાછું ના મેળવી શક્યા પણ લેફ્ટનન્ટ જનરલ કરિઅપ્પાના કારણે વ્યૂહાત્મક રીતે મહત્વનો ઝોજીલા પાસ પાછો મળતાં બાકીનું કાશ્મીર બચી ગયું.

ફિલ્ડ માર્શલ કરિઅપ્પાના આ યોગદાનને યાદ કરીને સલામ કરીએ.

sanjogpurti@gmail.com

# ફક્ત ને ફક્ત પપૈયાના પાંદડાનો લોટ





પપૈયાની ઘણી જાતો છે, જેમાં 'મેરાડોલ', 'સનરાઈઝ' અને 'કેરેબિયન રેડ'નો સમાવેશ થાય છે, જે સામાન્ય રીતે મેક્સિકો અને બેલીઝમાં ઉગાડવામાં આવે છે. પપૈયાના ફળમાં ૮૮% પાણી, ૧૧% કાર્બોહાઈડ્રેટ્સ અને નજીવી ચરબી અને પ્રોટીન હોય છે. તે વિટામિન સીનો નોંધપાત્ર સ્ત્રોત અને ફોલેટનો મધ્યમ સ્ત્રોત પણ છે.

પપૈયાના વૃક્ષ ઝડપથી વિકસી શકે છે, ફળ આપે છે. પપૈયાના છોડનું લેટેક્ષ કેટલાક લોકોમાં બળતરા અને એલર્જીનું કારણ બની શકે છે. મેલેરિયા, અસ્થમા અને અન્ય બીમારીઓની સારવાર માટે પરંપરાગત દવામાં પપૈયાના પાનનો ઉપયોગ કરવામાં આવે છે. પપૈયા એ ઘણી વાનગીઓમાં લોકપ્રિય ઘટક છે, ખાસ કરીને દક્ષિણપૂર્વ એશિયન અને લેટિન અમેરિકન રસોઈમાં એકંદરે, પપૈયાનું વૃક્ષ સમૃદ્ધ ઈતિહાસ, અસંખ્ય લાભો અને ઉપયોગની વિશાળ શ્રેણી સાથેનો એક નોંધપાત્ર છોડ છે. અમારા ગામના એક ભાઈ લોકોને કેન્સરની દવા વિના મૂલ્ય આપતા હતા. આયુર્વેદમાં પોતાને તેઓ ખાનખાના સમજે છે. મેં એમને પૂછ્યું કે લોકો જે રોગમાં લાખોમાં ખર્ચાઈ જાય છે એવા કેન્સરની દવા તમે વિનામૂલ્ય કેમ આપો છો? દવામાં શું હોય છે? તો એમણે પોતાનું રહસ્ય ખોલવાનો ઈનકાર કર્યો. આનાથી મને પીળા કલરનો ગુસ્સો આવ્યો અને લાલ અવાજે એમને કહ્યું: × કોઈપણ દવાનું ઈન્ગ્રેડિયન્ટ તો કંપનીઓએ પણ જાહેર કરવું પડે છે તમે ડોક્ટર નથી છતાં દવા આપો છો અને ઈન્ગ્રિડિયન્ટ જાહેર કરતા નથી. હું માનું છું કે તમે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છો. મારે તમને મારી કલમે, મારે છાપે શા માટે ન ચડાવવા? તમે છાપે ચડવાની અને સુપ્રસિદ્ધ થવાની તૈયારી રાખો. તેમણે ધડામ કરતું કહ્યું: અરે યાર અમે મફતમાં દવા આપીએ છીએ તો લોકોને કંઈક એવું લાગવું જોઈએ કે અમે કંઈક જાદુઈ વસ્તુ આપી રહ્યા છીએ. એટલે હું કોઈ ને કહેતો નથી કે કેન્સરની મારી જાદુઈ દવામાં ફક્ત અને ફક્ત પપૈયાના પાંદડાનો લોટ હોય છે... આ લોટથી ઘણાને ફાયદો થયો છે અને ફાયદો ન થયો હોય તેવા કેસમાં કોઈને નુકસાન તો થયું જ નથી.

પપૈયા સમૃદ્ધ ઈતિહાસ અને અસંખ્ય લાભ સાથેનો આકર્ષક છોડ છે. માત્ર ખેતરમાં જ નહીં બગીચામાં પણ તે શોભે છે. દક્ષિણ મેક્સિકો અને મધ્ય અમેરિકાના વતની, પપૈયા સદીઓથી ઉગાડવામાં આવે છે, અને આજે, તે વિશ્વભરમાં ઘણા ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં ઉગાડવામાં આવે છે.

પપૈયા જેમણે કોઈ દિવસ જોયા જ નથી એમના માટે કૃષિ શાસ્ત્રના પાઠ્યપુસ્તકોમાં લખાતી સ્ટાઈલમાં એમ લખી શકાય કે પપૈયાના વૃક્ષો પ્રમાણમાં નાના હોય છે, જે વધુમાં વધુ ૧૦-૧૫ મીટર ઊંચા હોય છે, જેમાં એક જ દાંડી અને પહોળા, ગોળાકાર તાજ હોય છે. તેમના પાંદડા મોટા હોય છે, જેમાં ૭-૧૧ પોઈન્ટેડ લોબ હોય છે. બીજું ઘણું બધું કહી શકાય પરંતુ પપૈયા તમે તો જોયા છે.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

પપૈયાના વૃક્ષો સારી રીતે નિકાલવાળી જમીન અને ગરમ, ભેજવાળી આબોહવા પસંદ કરે છે. પપૈયું એ પપૈન નામના એન્ઝાઈમનો પણ સારો સ્ત્રોત છે, જેનો ઉપયોગ મીટ ટેન્ડરિંગ, કોસ્મેટિક્સ અને ફાર્માસ્યુટિકલ્સમાં થાય છે. પપૈયું ખાધા પછી તેની છાલ ફેંકી દેવાને બદલે ચહેરા ઉપર ઘસવામાં આવે તો ચહેરાની ચામડીની ચમક અને ખિસ્સાની દમક બંને વધે છે. આમાં થોડાક ગોબરવેડાં અને લુખ્ખાવેડાં અથવા તો લોભિયાવેડાં લાગતા હોય તો તમે પપૈયાની આ છાલ તમારા પાળેલા કૂતરાને પણ આપી શકો છો એને એ બહુ ભાવે છે. અમારો બુબુ પપૈયાની દાંડલી સહિત બધું જ ઝાપટી જાય છે. ભૂખ્યો હોય તો પોતાની મેળે જ પપૈયાનું થડ ખોદીને અથવા તો દાંડી કાપીને ઝાપટી જાય છે.

naranbaraiya277@gmail.com

# સ્વામી વિવેકાનંદજીના વિચારોની દેશને તાતી જરૂરીયાત છે...



'જનસેવા એજ પ્રભુ સેવા' આદર્શને મનુષ્યએ સ્વીકારવો જોઈએ. આ પૃથ્વી ઉપર બધું જ નાશવંત છે. તમારા કર્મો અને કાર્યો જીવંત રહેશે. વૈશ્વિક ફલક ઉપર ભારત ભવ્ય અને દિવ્ય દેશ રહ્યો છે. આપણા દેશની અસ્મિતાને ઉજાગર કરવાનું કાર્ય સૌ જનતા જાગૃત બને તો જ થાય. વિશ્વ ધર્મ પરિષદ શિકાગોમાં દુનિયાના દેશોને ભારતની આધ્યાત્મિકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો સંદેશ આપનાર પરમવંદનીય સ્વામી વિવેકાનંદ આ દેશનું ગૌરવ છે. આજે જનસેવાના નામે લૂંટ સેવા ચલાવે છે તેવા દાનવો આંતકવાદીઓથી કમ નથી. જે ધર્મ વિધવા અને ગરીબના આંસુ લૂછતો નથી તે ધર્મમાં હું માનતો નથી. આજે અનેક સંપ્રદાયો અને ધાર્મિક સંસ્થાઓના આકાઓ હાટડીઓમાંથી વ્હાઈટ મની મેળવી અને ખેડૂતોની જમીન હડપ કરવાની પાશવી વૃત્તિ કરે છે. તેઓએ વિવેકાનંદના આદર્શો અને સમાજસેવાના કાર્યો જીવનમાં ઉતારવા જોઈએ. તેમણે પોતાના પદયાત્રા સમયગાળા દરમિયાન શોષણભરી અને દરિદ્ર ગરીબ પરિસ્થિતિનું પોતાની દ્રષ્ટિએ અવલોકન કરેલું છે એટલે ભારતને સામર્થ્યવાન બનાવવો હોય તો જાગૃતિ કેળવવી અનિવાર્ય છે. હિન્દુ ધર્મમાં પડેલો સડો દૂર કરવા માટે એકતા અનિવાર્ય છે. સર્વધર્મ સમભાવ હોવો જોઈએ પરંતુ હિન્દુત્વ હોવું એ અનિવાર્ય છે. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે 'ગર્વ સે કહો હમ હિન્દુ હે' આ બાબત એ સંદેશ આપે છે કે ભારતની ભવ્ય અને દિવ્ય શક્તિ હિન્દુ સંસ્કૃતિમાં સનાતનથી ટકેલી છે. અહીંયા રામ ભગવાન એ આપણો અંતરઆત્મા છે. જે રાષ્ટ્રમાં રહેતા હોય તેના પરત્વે દેશપ્રેમ તો હોવો જ જોઈએ. રાષ્ટ્ર છે તો જ હું છું. આવી પરિપક્વ ભાવના નિર્માણ કરવાનો સમય આવી ગયો છે. ગમે તેટલું શિક્ષણ હોય પરંતુ રાષ્ટ્રપ્રેમ ના હોય તેનો અર્થ ખરો? દેશની યુવા પેઢીઓને સ્વામી વિવેકાનંદના આદર્શો કેળવણી દ્વારા કેળવવા પડશે. રાષ્ટ્રભક્તિનું આચરણ એટલે માતૃભૂમિ પ્રત્યે ફક્ત લાગણી કે પ્રેમની ભાવના માત્ર નથી; પરંતુ, તે સાથી દેશવાસીઓની સેવા પ્રત્યેના આવેશમાં સાચી દેશભક્તિ છે. મેં સમગ્ર ભારતનો પગપાળા પ્રવાસ કર્યો અને મારી સગી આંખે જોયું કે આપણા લોકો અજ્ઞાનતા, કંગાલિયત અને ગંદકીમાં સબડી રહ્યા છે. મારો સમગ્ર આત્મા સળગી ઊઠ્યો અને હું આવી દારુણ સ્થિતિને બદલવાની આગઝરતી ઈચ્છાથી સળગી રહ્યો છું. જો તમારે ભગવાનને શોધવા છે, તો મનુષ્યની સેવા કરો. નારાયણને પામવા ભારતના લાખો ભૂખ્યા દરિદ્રનારાયણની સેવા કરવી જ પડશે. ત્રીજા ભાગની વસ્તી ગરીબીના મહાયજ્ઞમાં બળી રહી છે. સરકાર મફતનું અનાજ આપીને કમજોર બનાવી રહી છે. તેમને કામ આપો, તેમની સ્કિલને પ્રગટીકરણ કરવા માટે તક આપો. મફતનું ખાશે તો વિચારો ભંગાર જ આવશે. રાષ્ટ્રપ્રેમ નિર્માણ કરવો હશે તો તેમનામાં દેશભાવના કેળવવી પડશે. જાપાનમાં એક ટેક્સી ડ્રાઈવર કેવો પ્રામાણિક હોય છે તેનું ઉદાહરણ રજૂ કરું છું જે આપને ખૂબ ઉપયોગી નીવળશે. એક વિદેશી નાગરિક જાપાનની કોઈ કંપનીમાં કામના અર્થે ગયો હતો તે સમયે ટેક્સી વાળા ભાઈને કહ્યું કે મારે ત્યાં જવું છે જે જગ્યાએ જવાનું હતું તેનો રોડ કે માર્ગ બંધ હતો. આ વિદેશી પ્રવાસી અગાઉ ગયો હતો ત્યારે તેની પાસે ટેક્સી વાળાએ જે થતું હતું તે ભાડું લીધું. આ ટેક્સી વાળો ફેરવીને મુકામ સુધી લઈ ગયો તેમ છતાં અગાઉનું જે ભાડું હતું તેટલું જ લીધું ત્યારે પહેલા વિદેશી નાગરિકે પૂછ્યું કે તમે તો ખૂબ ફેરવીને લાવ્યા છો એટલે તમારે વધારે ભાડું લેવું જોઈએ ત્યારે પેલા જાપાની ટેક્સી ડ્રાઈવર એ કહ્યું કે રસ્તા બંધ છે પરંતુ જે સ્થળથી તમારે જવાનું છે તે સ્થળનું જે ભાડું છે તેનાથી વધારે ભાડું લઈ શકાય નહીં. હું મારા દેશનો વફાદાર ટેક્સી ડ્રાઈવર છું. આ દેશના કારણે મને રોજગારી મળે છે એટલે મારા દેશની ગરીમા જાળવવા પ્રમાણિકતાથી જીવન જીવવું પડે છે. જો ડ્રાઈવરમાં આટલી નૈતિકતા હોય તો આપણે અપેક્ષિત ડ્રાઈવરમાંથી રાજકીય અથવા શૈક્ષણિક વ્યક્તિઓએ લક્ષ્મીચંદ બનવાની જગ્યાએ રાષ્ટ્રભાવના નિર્માણ કરવા માટે કટિબદ્ધ બનવું પડશે. આવી સાંસ્કૃતિક વિરાસત ધરાવતો ભારત દેશ ભવ્ય અને દિવ્ય છે જ અને રહેવાનો. લોકોએ રાષ્ટ્ર ભાવના કેળવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે એટલે જ વિવેકાનંદ કહે છે કે આપણાં બાંધવો સબળ થશે તો આપણો દેશ સબળ થશે. મોટાભાગના લોકોએ વિવેકાનંદજીના ભાષણો અને તેમના લખાણો વાંચવાની જરૂર છે. રામકૃષ્ણ મિશન દ્વારા જનસેવાના જે કાર્યો થાય છે. એવા જ કાર્યો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા થઈ રહ્યા છે જે સમાજ માટે પ્રેરણાત્મક છે.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)
Mo.9825702282

# ક્યારે જમવું અને કેવી રીતે જમવું તેની સામાન્ય સમજ



ક્યારે ખવાય અને ક્યારેન ખવાય એના કેટલાક નિયમો હોય છે. એ નિયમો જે સમજે અને પાળે એ સુખી થાય.

જોરદાર કકડીને ભૂખ ન લાગે ત્યાં સુધી ખાઓ નહિ.

ભૂખ લાગી હોય ત્યારે જમી જ લો, રમવામાં, ટી.વી. જોવામાં કે લેશન કરવામાં જમવાનું ભૂલી ન જાઓ.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

પેટ સાફ ન થયું હોય ત્યાં સુધી ન જમો.

દાંત મોં સાફ કર્યા હોય તો જ જમાય. નહીં તો નહીં.

એક વખત જમ્યા હોય તે પૂરેપૂરૂ પચી જાય પછી જ ફરી જમાય. એક વખત જમ્યા પછી ઓછામાં ઓછા ચાર કલાક વીતી જાય પછી જ ફરી નાસ્તો કરાય કે જમાય.

સવારે સૂર્યોદય ન થાય ત્યાં સૂધી ખવાય નહિ.

સાંજે સૂર્યાસ્ત થઈ જાય પછી પણ જમવું હિતાવહ નથી. મોડી રાત્રે તો ક્યારેય જમાય નહિ કે નાસ્તો કરાય નહીં. કેમકે આપણે ખાઈએ એને પચાવવાની શક્તિ સૂર્ય આપે છે. આકાશમાં જ્યારે સૂર્ય ન દેખાતો હોય ત્યારે પાચનની શક્તિ ઘટે છે. જ્યારે સૂર્યના કિરણો મળતા હોય ત્યારે જ વ્યવવસ્થિત પાચન થાય છે.

સવારે નાસ્તો કરવો હોય તો સાતથી આઠ વાગ્યાની વચ્ચે નાસ્તો કરી લેવો જોઈએ. બપોરનું ભોજન અગિયારથી બારની વચ્ચે કરવું વધારે હિતાવહ છે. બપોરે નાસ્તો ચારથી પાંચની વચ્ચે, સાંજનું ભોજન સાત વાગ્યાની આસપાસ અને રાત્રે દૂધ પીવું હિતાવહ છે. સાકર કે ગાયનું ઘી પણ દૂધમાં ઉમેરી શકાય છે.

જમતા પહેલાના અન્ય નિયમો પણ છે.

જેમકે, જમતા પહેલા હાથ, પગ, મોં ધોઈને કોગળા કરીને જમશો.

ડાઈનીંગ ટેબલ કરતા જમીન પર આસન પાથરીને જમવા બેસવું વધારે હિતાવહ છે. ઊભા રહીને ક્યારેય ન જમવું.

જમતા પહેલા પ્યાલો ભરીને પાણી પીવું ન જોઈએ.

ખૂબ ઝડપથી લુશ લુશ ન જમવું, તેમ જમવાથી પેટમાં પાચન થવામાં તકલીફ થાય છે.

જમતી વખતે વધારે વખત પાણી ન પીવું.

ટીવી જોતા જોતા, મોબાઈલ જોતા જોતા કે ચોપડી વાંચતા વાંચતા જમવું જોઈએ નહિ.

ગમે તેટલું ભોજન સ્વાદિષ્ટ હોય તો પણ જરૂર કરતા વધારે જમાય નહિ. hemangidmehta@gmail.com

# અભણ માણસો આવો ધંધો કરે ?



બોસ, બકો અને અભણ અમથાલાલ એક સાથે ગામનાં ચોરે ભેગા થઈ ગયા. બકાએ વાતની શરૂઆત કરી.

"હમણાં હમણાં અભણ અમથાલાલ દેખાતા નથી હોં. કાંઈ નિશાળ બીશાળ ચાલું કરી છે ? કે પછી હોસ્પિટલ ખોલી છે??"

આ સવાલ હાંભળીને બોસનો મગજ છટક્યો.

"બકા, તને સા બુ જેવું કાઈ છે કે નથી. અભણ અમથાલાલને આવું ભણેલા ધંધો કરે એવું પુછાય?

અભણ માણસો આવો ધંધો કરે ?"

"બોસ તમે ખાંડ ખાવ છો. અભણ માણસો આખાને આખા જિલ્લા હકાવે છે. તો નઈ નામાનું દવાખાનું કે, નોટ છાપવાની નિહાળ ના હકાવી હકે !??

અને તમે સાબુની વાત કેમ કરો છો? સાબુ તો ગામની દરેક દુકાને અને લારીએ લારીએ મળે છે."



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"બકા, એ સાબુની આ વાત નથી. સા બુ એટલે સામાન્ય બુદ્ધિ. અને તું રાજકારણને એક બાજુ મૂકીને વાત કર. આજકાલ રાજકારણમાં અંદરોઅંદર બોવ ડખા હાલે છે અને એ ડખામાં આપણે પડવું નથી. "

"બોસ હું રાજકારણની વાત નથી કરતો. ઈ તો એનો કાયમી ધંધો કરતાં હોય છે. હું સામાન્ય માણસની જ વાત કરું છું. હાલો તમને હું ગુજરાતમાં અભણ માણસની હોસ્પિટલો બતાવું. ડોક્ટરો તો ભાડે જોઈએ એટલા અને જોઈએ એવા મળે છે.

પછી નિહાળ માય એવું છે. સરકારના રૂપિયા એંસી હજાર કે લાખ રૂપિયા સુધીનો પગાર લેનાર કામ એટલું નથી કરતો અને પાંચ કે આઠ હજાર વાળો તૂટી જાય એટલું કામ કરે છે.

આવું બધું ગુજરાતમાં હવે સામાન્ય બની ગયું છે.

એમાં અભણ અમથાલાલ બાકાત ન પણ હોય."

"અરે.. પણ તું અમથાલાલને તો બોલવા દે. એ આજકાલ કરે છે શું!??"

"જો ભાઈ..! મારે તો હવે ઢાંઢા લેવા છે. અને મેં જોવાનું 'ય શરૂ કરી દીધું છે."

બકાની આંખો ચમકી. "વાંઢા ? વાંઢા લયને તમે શું કરશો ?? અને એમાં ક્યાં જોવા જેવું છે? એક ગોતો તો હજાર જડે. ગામે ગામ આ પરિસ્થિતિ છે. પણ ..! તમે વાંઢા લયને કરશો શું ?? માણસો છોકરી ગોતે છે અને તમે વાંઢા."

અમથાલાલે માથું કૂટયું, "બકા બકા, તું આમ ઉતાવળો ના થા. હું વાંઢા નથી ગોતતો. ઢાંઢા, ઢાંઢા. મતલબ.. બળદ ગોતું છું અને એક ગાડુ ગોતું છું."

"હા પણ, જગ આખું બળદ અને ગાડું કાઢી નાખે છે અને તમારે લેવાં છે ?? તમારે લેવો જ હોય તો ચિતલનો સનેડો લો સનેડો. પાવા ટોવાની માથાકૂટ નહીં. અને કામ કરશે મશીન. તમે છૂટાના છૂટા. બળદમાં તો બંધાય જાહો. ઈ ખીલે અને તમે ઘરમાં."

"હવે મારી આખી વાત કોઈ હાંભળશો કે પછી .! "

"તમે કઈ કઈને શું કહેશો ? બળદ રાખવા જોઈએ, બળદ રાખો તો ખેતી થાય, ખાતર થાય અને ગાયમાતાનો વેલો હાચવ્યો ગણાય. હારે હારે તેત્રીસ કરોડ દેવતાની પૂજા પણ કરી ગણાય. આપણાં ઘરડાઓ બળદનું ગઢપણ પણ પાળતા. તો પછી આપણે બે બળદ ના પાળી શકીએ !??

અને તમે મને એમ કયો કે, આટ આટલું કર્યા પછી ય ખેડૂત હતો ન્યાં નો ન્યાં જ છે. વેપારીઓ, નોકરીયાતો અને રાજકારણીઓ કેટલા આગળ વધી ગયા. અને હજીય તમારે બળદ અને ગાડુ લેવું છે ??"

"તમે હંધાય ભારે ઉતાવળા. મારી વાત પૂરી હાંભળતા નથી ને પોતાનો કક્કો જ હાંકો છે."

"બોલો બોલો. તમારે શું કહેવું છે?"

"જૂઓ, ખેડૂતો હંધાય ગાડરીયા પ્રવાહ જેવા છે. એક કરે એમ બીજો કરે. ગામમાં કોરા ખેતરમાં એક કપાસીયા ચોપે એટલે વાંહે વાંહે લાઈન થાય.

એક ખેડૂત એકનું વાવેતર કરે એટલે બીજો પણ એ જ કરે. ભલા માણસ કાંઈક અલગ કરો, નવું વિચારો, ઝોખમ ખેડો. હું માનું છું કે, બળદ ગાડાનો જમાનો હવે નથી રહ્યો. પણ જરા હટકે વિચારો. મેં કેમ આવું કર્યું ઈ પુછો."

"બોલો અભણ અમથાલાલ બોલો. આવો નવતર પ્રયોગ તમે કેમ કર્યો??"

"બળદ અને ગાડુ ખેતરમાં હાંકવાથી ભલીવાર નહીં વળે. એમાં તો આપણી પેઢીઓને નળિયાં 'ય બદલ્યા નહોતા અને શાહુકારોએ શોષણ કર્યું ઈ અલગ. હવે તમે કાંઈક નવું વિચારો. હમણાં હમણાં મોંઘીદાટ ગાડીઓ, કરોડોની કિંમતની ગાડીઓ હાલતાં હાલતાં બંધ પડી જાય છે. અને નદી કાંઠે, દરિયા કિનારે એ ગાડી બંધ પડે પછી કોઈની મજાલ નથી કે, એને ખેંચીને બહાર કાઢી શકે. સિવાય કે આપણું બળદ ગાડુ. મેં હમણાં આવી એક કરોડની કિંમતની ગાડી ખેંચીને બહાર કાઢી. કરોડની ગાડીને બહાર કાઢવાનાં લાખ તો આપશેને ..!!! (ફોટો જ જોઈ લો)

kalubhaibhad123@gmail.com

# લગ્ન સમારંભનું પ્રિ-પ્લાનિંગ



ઘરમાં લગ્ન આવે ઘણું બધું કામ રહે જ. યુવક - યુવતીના મા-બાપ હંમેશા એ વિચારીને ચિંતિત રહે જ કે લગ્નની તૈયારીમાં કયાંય કોઇ કમી ન રહી જાય. આવી બધી પરેશાનીઓથી બચવા માટે એ ખૂબ જરૂરી છે કે લગ્નની તમામ તૈયારી એક યોજનાબધ્ધ રીતે જ કરાય, આપના આ કાર્યને થોડું સરળ બનાવવાના ભાગરૂપે ગુજરાત ગાર્ડિયન આપે છે... કેટલાંક ઉપયોગી સૂચનો....!

કોઇપણ પરિવારમાં દીકરી કે દીકરાના લગ્નનું આયોજન સૌથી યાદગાર અને ખુશીનો અવસર બની જાય છે. કેટલીકવાર ખૂબ જ ખર્ચ કરીને અને લગ્નમાં કેટલાય લોકોની મદદ લેવા છતાંય લગ્નમાં કઇને કંઇ ઊણપ કે પરેશાની આવે જ છે. આ બધી પરેશાનીઓથી બચવા માટે આપ છ મહિના પૂર્વેથી જ તેની તૈયારીઓ શરૂ કરી દો, જેથી આપનો આખો પરિવાર તનાવમુક્ત થઇને લગ્નની ખુશીનો આનંદ માણી શકે.

છ માસ પૂર્વે :

- સૌથી પહેલાં પરિવારના સભ્યોની સાથે શાંતિથી બેસીને લગ્ન પ્રસંગ દરમિયાન તથા તે પૂર્વે થનારા પ્રસંગો, રીવાજો, ચાંલ્લા, પીઠી, મહેંદી, ગીત - સંગીત, ગરબા વગેરેની તરીખ અને આયોજન નક્કી કરી લો.

- આપના સગા-સંબંધીઓની યાદી બનાવો જેમાં આપના સગાં-સંબંધીઓ, આડોશી-પાડોશી, પિતા - માતા પક્ષના સગા, સંતાનોના અને મા-બાપના ફ્રેન્ડસર્કલ, જોબ - શાળા - કોલેજના ફ્રેન્ડસર્કલ્સ અને અન્ય તમામને ભૂલ્યા વગર લિસ્ટમાં આવરી લો, દરેકને નિમંત્રણ મોકલતાં પૂર્વે લગ્ન અંગેની ફોનથી જાણ કરો.

- બજેટ તૈયાર કરો, શક્ય હોય તો એની એક અલગ જ ફાઇલ બનાવી લો અને ખર્ચનો બધો જ હિસાબ એક ડાયરીમાં લખવાનું રાખો. એથી આપને બધો જ ખ્યાલ રહે, તમે મોબાઇલમાં પણ આ ડેટા રાખી શકો.

- લગ્ન સમારંભ માટે વેન્યૂ (હોલ કે પાર્ટી પ્લોટ) ની તપાસ કરી પ્રથમથી જ બૂક કરાવી દો.

- જો આપની સોસાયટી, ફ્લેટ કે કોલોનીમાં કોમન પ્લોટ કે મોટી લોન હોય તો લગ્ન અગાઉની તમામ વિધિ ત્યાં જ કરી શકાય છે. અરે, લગ્ન પણ ત્યાં જ યોજી શકાય છે. જેથી હોલના મોટા ખર્ચથી બચી શકાય, ને બચત કરી શકાય. જોકે, એ માટે ડેકોરેશનવાળા સાથે પ્રથમથી જ આયોજન કરી લેવું.

- લગ્નની વિધિ-વિધાન માટે તમારા જાણીતા ગોર મહારાજને પણ નક્કી કરી લો.

પાંચ માસ પૂર્વે :

- ડેકોરેટરને મળીને એ સુનિશ્ચિત કરી લો કે, લગ્ન સ્થળની સજાવટ કેવી કરવાની છે, બજેટ પણ જાણી લો.

- લગ્નના બે કે એકાદ દિવસ પૂર્વે આવનારા, આપના ઘરના મહેમાનોના આવાસ - નિવાસ - ભોજનની વ્યવસ્થા કરી રાખો.

- મહેંદી, પીઠી, ગીત-સંગીત, ગરબા વગેરે પ્રોગ્રામ દરમિયાન રખાનાર ચા-પાણી, કોલ્ડ ડ્રિંક્સ, આઇસક્રિમ, નાસ્તાનું મેન્યૂ પ્રથમથી જ નક્કી કરી દો.



જીવન તરંગ
જયસ્વી પટેલ

- ફ્લોરિસ્ટ સાથ વાત કરીને, તેમને લગ્ન સ્થળ અને ઘર બતાવીને ફૂલ સજાવટનું પ્લાનિંગ કરી દો.

- ફોટોગ્રાફર, વીડિયોગ્રાફર, બેન્ડવાજા કે ડીજેના બુકિંગ પણ કરાવી લો, પણ, એ પૂર્વે દરેકને મળીને ખર્ચ અંગે ચર્ચા કરી ફાઇનલ કરી લો.

- યુવક કે યુવતીના આઉટફિટ્સની યાદી બનાવી એની તૈયારીઓ શરૂ કરી દો.

-લગ્નને લગતી તમામે તમામ ખરીદીની ચીજ- વસ્તુનું લિસ્ટ બનાવીને, તેની ખરીદી પણ શરૂ કરી દો. (ક્રમશઃ)

sanjogpurti@gmail.com

# અભિમાની સિંહ



"હું જંગલનો રાજા સિંહ છું. જંગલનાં બધાં પ્રાણીઓ મારાથી ડરે છે. મારી ઈચ્છા થાય ત્યારે કોઈ પણ પ્રાણીનો શિકાર હું કરી શકું છું. મારાથી બળવાન કોઈ નથી. મારી રજા સિવાય આ જંગલનું એકેય પાંદડું હલી શકે તેમ નથી. મારી આસપાસ એક ચકલુંય ફરકી શકે તેમ નથી. આ જંગલમાં હું જ સર્વશ્રેષ્ઠ અને બળિયો છું." - હાહાહા... હાહાહા... પોતાની શક્તિ પર અભિમાન કરતાં સિંહે વિચાર્યું ને ત્રાડ નાખી.

સિંહની ત્રાડ સાંભળી આખુંય જંગલ શાંત થઈ ગયું. સૌ પંખીઓ આકુળવ્યાકુળ થઈ આમતેમ ઊડવા લાગ્યાં. સૌ પક્ષીઓ ભયનાં માર્યાં આમતેમ દોડવા લાગ્યાં. પશુ-પંખી ડરીને જ્યાંત્યાં લપાઈ ગયાં. જંગલમાં સિંહની આડોળાઈ વધતી જતી હતી. એ અભિમાની ને નિરંકુશ બની ગયો હતો. પોતાની શક્તિનો દુરુપયોગ કરી એણે સમગ્ર જંગલ બાનમાં લીધું હતું.

સિંહના ત્રાસમાંથી છૂટકારો મેળવવા બધાં પ્રાણીઓએ એક થવાનું વિચાર્યું. હાથી કહે, "સૌ પ્રાણીજગતને આ કદાવર લાંબી સૂંઢાળા ગજરાજના નમસ્કાર. મુશ્કેલીના સમયે આપ સૌની એકતા જોઈ આનંદ થયો. દિવસે ને દિવસે સિંહની પજવણી વધતી જાય છે. આપણે એને પાઠ ભણાવવો જ રહ્યો. આપણે કંઈક ઉપાય વિચારવો જ રહ્યો."



રે વાર્તા!
મનીષ સુથાર

ગજરાજની વાત સૌના ગળે ઊતરી. પણ સિંહનો સામનો કરવો શી રીતે એ મોટો પ્રશ્ન હતો. ચતુર શિયાળ આગળ આવ્યું ને બોલ્યું, "ગજરાજ, આપની વાત સાથે હું સંમત છું. પણ બળિયા સિંહ સામે બાથ ભીડશે કોણ? એની સામે થવાની હિંમત કોઈનામાં છે ખરી? એની સામે પડવું એટલે મોતને આમંત્રણ આપવા જેવું છે." ચતુર શિયાળની વાત સાંભળી સૌ શાંત થઈ ગયાં.

સૌ પ્રાણીઓની ચર્ચા એક મધમાખી સાંભળી રહી હતી. એણે આ પ્રાણીઓને મદદ કરવાનું વિચાર્યું. એ ઊડતી-ઊડતી સભામાં પહોંચી ને પોતાની વાત મૂકી. એ બોલી, "જુઓ, તમે ઇચ્છો તો હું મદદ કરી શકું તેમ છું. હું ભલે કદમાં નાની રહી. પણ મારી પાસે એક પરમ શક્તિ છે. જેના વડે હું કોઈ મોટા ને શક્તિશાળી પ્રાણીને પણ વશમાં કરી શકું છું." સૌને મધમાખીની વાતમાં વિશ્વાસ બેઠો. બધાં પ્રાણીઓને મુશ્કેલીમાંથી બહાર નીકળવાની આશા બંધાઈ. સૌ મધમાખીની વાત સાથે સંમત થયાં.

નાનકડી મધમાખીએ સિંહને પાઠ ભણાવવાનું બીડું ઝડપ્યું. એ તો ઊડતી ઊડતી પહોંચી સિંહ પાસે. સિંહ ઘોર નિંદ્રામાં હતો. એના કાન પાસે જઈ એ ગણગણાટ કરવા લાગી. સિંહની ઊંઘ બગડી. પોતાની આસપાસ એને ઊડતી જોઈ અકળાયો ને ત્રાડ નાખતાં બોલ્યો, "એય મધમાખી, તું આટલી ઝીણકી થઈ આ જંગલનાં રાજાની સામે પડવા નીકળી છે! તને ખબર છે તે કોની સામે બાથ ભીડી છે. મારી શક્તિ સામે તારી શી વિસાત!" એમ કહેતાં સિંહે મધમાખીને પકડવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. મધમાખી આમ ઊડે ને તેમ ઊડે. કેમ કરતાંય સિંહના હાથમાં ન આવી.

મધમાખીએ સિંહને કહ્યું, "હું નાની છું એ સાચું. પણ મારો મુકાબલો કરવો તમારા માટે કઠિન થઈ પડશે. જરા વિચારીને આગળ વધજો. તમારી માટે મારો એક ડંખ કાફી છે." મધમાખીની વાત સાંભળી સિંહ આકુળવ્યાકુળ થઈ ગયો. એને વશ કરવા સિંહે ઘણી મહેનત કરી જોઈ. પણ એની કોઈ કારી ફાવી નહિ. મધમાખીનું ઝૂંડ આવી ગયું હતું. આખુંય ઝૂંડ સિંહ પર તૂટી પડ્યું. બળિયો સિંહ નાનકડી મધમાખીની એકતા અને શક્તિ સામે નિર્બળ હતો. એ ઢળી પડ્યો ને શાંત થઈ ગયો. પોતાને મહા બળવાન સમજનાર વનરાજ લાચાર થઈને લોથપોથ પડ્યો હતો. હવે એ કશુંય કરી શકે તેમ નહોતો. આખાય જંગલમાં ખુશીની લહેર છવાઈ ગઈ.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# પ્રયાગરાજ કુંભમેળામાં સિલીન્ડર બ્લાસ્ટની જવાબદારી ખાલીસ્તાની આંતકવાદીઓએ લીધી

પ્રયાગરાજ,તા.૨૧

આતંકવાદી સંગઠન ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ (KZF) એ પ્રયાગરાજ મહાકુંભ મેળા દરમિયાન ૨ સિલિન્ડર બ્લાસ્ટની ઘટનાની જવાબદારી લીધી છે. સંગઠને આ અંગે કેટલીક મીડિયા સંસ્થાઓને ઈ-મેલ મોકલ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે આ પીલીભીત ફેક એન્કાઉન્ટરનો બદલો છે. આ માત્ર શરૂઆત છે. રવિવારે સાંજે લગભગ ૪ વાગ્યે શાસ્ત્રી બ્રિજ પાસે સેક્ટર-૧૯માં ગીતા પ્રેસના કેમ્પમાં બે સિલિન્ડર બ્લાસ્ટને કારણે આગ ફાટી નીકળી હતી. જેના કારણે ૧૮૦ ઝૂંપડીઓ બળી ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ગીતા પ્રેસના રસોડામાં નાના સિલિન્ડરમાંથી ચા બનાવતી વખતે સિલિન્ડર લીક થઈ ગયું અને આગ લાગી. આ પછી ૨ સિલિન્ડર ફાટ્યા હતા. આગ ઓલવવા માટે ફાયર બ્રિગેડની ૧૨ ગાડીઓ મોકલવામાં આવી હતી, જેણે એક કલાક (૫ વાગ્યા)માં આગને કાબૂમાં લીધી હતી. આમાં કોઈ જાનહાનિ થઈ નથી. ત્યારે અધિકારીઓએ તેને આગની ઘટના ગણાવી હતી.આતંકવાદી સંગઠન દ્વારા મોકલવામાં આવેલા ઈ-મેલમાં કહેવામાં આવ્યું છે કે, 'ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ કુંભ મેળા દરમિયાન થયેલા ડબલ બ્લાસ્ટની જવાબદારી લે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈને નુકસાન પહોંચાડવાનો ન હતો.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ માટે આ માત્ર એક ચેતવણી હતી. પીલીભીત નકલી એન્કાઉન્ટરમાં અમારા ૩ ભાઈઓની હત્યાનો બદલો લેવા ખાલસા તમારી ખૂબ નજીક છે. આ તો માત્ર શરૂઆત છે. ઈ-મેલમાં ફતેહ સિંહ બાગીનું નામ લખવામાં આવ્યું છે.

# ઉત્તર ગુજરાતના સંડેરમાં ખોડલધામ મંદિરનું ભવ્ય શિલાપૂજન કરાયુ

રાજકોટ,તા.૨૧



ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા સંડેર (પાટણ) ખાતે ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ભવ્યાતિભવ્ય શિલાપૂજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ સમારોહમાં ૧૦૦૮ યજમાનોએ મુખ્ય શિલા સહિત ૧૦૦૮ શિલાઓનું પૂજન કર્યું.સવારે ૮:૩૦ કલાકથી શાસ્ત્રી મહેતા પ્રદ્યુમ્ન પ્રહલાદજી (લાલાભાઈ)ના માર્ગદર્શનમાં શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કાર્ય સંપન્ન થયું. પૂજન ૫છી સર્વે ભાવિકોએ મા ખોડલની મહાઆરતી કરી હતી. યજમાન પરિવારોને પૂજન સામગ્રી ભેટ સ્વરૂપે આપવામાં આવી જેથી તેઓ આ ઐતિહાસિક ક્ષણની યાદગીરી જાળવી શકે.નરેશભાઈ પટેલે જણાવ્યું કે, ૨૦૧૭માં કાગવડ ખાતે પ્રથમ મંદિર બન્યા બાદ હવે સમગ્ર ગુજરાતના લેઉવા પટેલ સમાજને ટ્રસ્ટની સેવાઓનો લાભ મળે તે હેતુથી સંડેર ખાતે બીજું મંદિર નિર્માણ પામશે. તેમણે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં પણ ખોડલધામ સંકુલ બનાવવાની જાહેરાત કરી હતી. વધુમાં, દક્ષિણ ભારતના લેઉવા પટેલ સમાજે પણ ત્યાં સંકુલ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.સંડેર ખાતે નિર્માણ પામનાર મંદિર કાગવડના મંદિર જેવું જ કલાત્મક બનશે.

# ભાવનગર-વેરાવળથી બનારસ જતી મહાકુંભ સ્પેશયલ ટ્રેનમાં વધારાના કોચ લગાડાશે

ભાવનગર,તા.૨૧

ભાવનગર મંડળના સીનીયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ ટ્રેન નંબર ૦૯૫૫૫/૦૯૫૫૬ ભાવનગર-બનારસ-ભાવનગર "મહાકુંભ મેળા સ્પેશિયલ" ટ્રેનમાં ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી ૨૨.૦૧.૨૦૨૫, ૧૬.૦૨.૨૦૨૫ અને ૨૦.૦૨.૨૦૨૫ના રોજ તથા બનારસ સ્ટેશનથી ૨૩.૦૧.૨૦૨૫, ૧૭.૦૨.૨૦૨૫ અને ૨૧.૦૨.૨૦૨૫ના રોજ ૨ સ્લીપર અને ૨ થર્ડ એસી ક્લાસના વધારાના કોચ લગાવવામાં આવશે. ટ્રેન નંબર ૦૯૫૯૧/૦૯૫૯૨ વેરાવળ-બનારસ-વેરાવળ "મહાકુંભ મેળા સ્પેશિયલ" ટ્રેનમાં, વેરાવળ સ્ટેશનથી ૨૨.૦૨.૨૦૨૫ના રોજ અને બનારસ સ્ટેશનથી ૨૪.૦૨.૨૦૨૫ના રોજ ૨ વધારાના સ્લીપર ક્લાસ કોચ લગાવવામાં આવશે.

# કોદિયા પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ખેલ મહાકુંભ પૂર્ણ

ઉના, તા.૨૧




સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળા કોદિયામાં ગીર ગઢડા તાલુકાનો ખેલ મહાકુંભનું આયોજન થયું હતું. ગીર ગઢડા તાલુકાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ ખેલ મહાકુંભમાં કોદિયા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધામાં સિદ્ધિઓ હાંસલ કરી હતી. તેમાં ૪૦૦ મીટર દોડમાં મકવાણા મનાલીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

# પોરબંદર ખાતે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા દ્વારા ઈ-ખાતમુહૂર્ત

પોરબંદર,તા.૨૧




પોરબંદર જિલ્લાના સાંસદ અને શ્રમ અને રોજગાર યુવા બાબતો અને રમત ગમત મંત્રાલયનાં કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાની વર્ચૂઅલી ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત સભાખંડ પોરબંદર ખાતે જિલ્લાનાં વિવિધ વિભાગોના ૧૯૪૭.૭૫ લાખનાં ૧૬૧ વિકાસ કાર્યોના ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયાએ સ્વાસ્થ્ય માટે લોકોને કોઈ અગવડતા ન પડે તે માટે કરવામાં આવી રહેલી કામગીરીની વાત કરતાં જણાવ્યું કે સરકાર દ્વારા સ્વાસ્થ્ય માટેની વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે અને ૬૦ કરોડ લોકોને આયુષ્માન ભારત યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે.વધુમાં તેમણે પોરબંદરને મહાનગરપાલિકાનો દરજ્જો મળતા પોરબંદર શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ અને વિકાસલક્ષી કાર્યો હાથ ધરવામાં આવશે.

---

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૪/૨૫** તા.૦૯/૦૧/૨૦૨૫

વિવાદીઃ- શ્રી છગનભાઈ ચંપકભાઈ હરસોડા
રહે.સુરત, ઠે.આઈ-૪૦૪, શાલિગ્રામ ફલોરા, નવાગામ,
સુરત, મો.૯૭૨૭૫૧૨૬૬૧
C/Oજગદિશ જી.આસોદરીયા, મુ.તાલુકા પંચાયત પાસે,
રેલ્વે સ્ટેશન રોડ, જી.અમરેલી, મો.૯૮૭૯૧૫૮૭૬૨

-::વિરૂધ્ધ ::-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.જરખીયા, તા.લાઠી, જી.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.જરખીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી છગનભાઈ ચંપકભાઈ હરસોડાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ જરખીયા, તા.લાઠી, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં અત્રેની કોર્ટમાં તા.૦૪/૦૧/૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૦/૦૨/૨૦૨૫ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
**સહી,**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

---

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૫/૨૫** તા.૦૯/૦૧/૨૦૨૫

વિવાદીઃ- શ્રી વાલજીભાઈ રણછોડભાઈ વાઘાણી
જી.ભાવનગર મો.૯૭૧૨૦૨૩૧૨૫
C/Oજગદિશ જી.આસોદરીયા
રહે.વાળુકડ, તા.પાલિતાણા.
મો.૯૮૭૯૧૫૮૭૬૨

-::વિરૂધ્ધ ::-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.શાખપુર, તા.લાઠી, જી.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.શાખપુર ગામે અરજદારશ્રીની પુત્રી મમતાબેન વાલજીભાઈ વાઘાણીનો જન્મ તા.૧૨/૦૫/૧૯૮૫ના રોજ શાખપુર તા.લાઠી, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં અત્રેની કોર્ટમાં તા.૦૪/૦૧/૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૦/૦૨/૨૦૨૫ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
**સહી,**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

---

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં //-**

જન્મ નોંધ અરજી રજી.નં.૮૮/૨૦૨૪

**અરજદાર...** (૧)શ્રી મુકેશભાઈ વલ્લભભાઈ ધોરાજીયા
રે.હાથીગઢ, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી મનોજભાઈ નટરવરલાલ દવે.
રે.દવે કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા, જી.અમરેલી, મો.૯૪૨૬૭ ૧૬૪૨૫

-: વિરૂધ્ધ :-

**સામાવાળા....** તલાટી કમ મંત્રી- -વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, હાથીગઢ, તા.લીલીયા,જિ.અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના હાથીગઢ ગામના રહીશ શ્રી મુકેશભાઈ વલ્લભભાઈ ધોરાજીયા એ તેમના ભત્રીજીનો જન્મ હાથીગઢ મુકામે તા.૦૧/૦૭/૧૯૯૧ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી મુકેશભાઈ વલ્લભભાઈ ધોરાજીયાના ભત્રીજી દ્રષ્ટીબેન હિમ્મતભાઈ ધોરાજીયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૯૧માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૪/૦૨/૨૦૨૫ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**લીલીયા**

---

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં //-**

જન્મ નોંધ અરજી રજી.નં.૦૭/૨૦૨૫

**અરજદાર...** (૧)શ્રી સુરાભાઈ માલાભાઈ પરમાર
રે.સનાળીયા, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી હરીલાલ રામજીભાઈ પરમાર
ઠે.બહારપરા, તા.જી.અમરેલી, મો.૯૩૨૭૬ ૩૬૦૨૭

-: વિરૂધ્ધ :-

**સામાવાળા....** તલાટી કમ મંત્રી- -વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, સનાળીયા, તા.લીલીયા,જિ.અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સનાળીયા ગામના રહીશ શ્રી સુરાભાઈ માલાભાઈ પરમાર એ તેમના બહેનનો જન્મ સનાળીયા મુકામે તા.૦૧/૦૬/૧૯૭૪ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી સુરાભાઈ માલાભાઈ પરમારના બહેન વિમળાબેન માલાભાઈ પરમારનો જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૪માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૪/૦૨/૨૦૨૫ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**લીલીયા**

---

**જાહેર નોટીસ**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા**

અરજી નં.56/2024

શ્રી મમતાબેન નાનજીભાઈ પરમાર, જન્મ તારીખ :29-Apr-14
રહે.ફરેડા, ગામ-ફરેડા, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,ગીરગઢડા, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ ....સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મમતાબેન નાનજીભાઈ પરમાર, રહે. ફરેડા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્રી આયુસીબેન નાનજીભાઈ પરમારનો જન્મ તારીખ:29-Apr-14 ના રોજ ગીરગઢડા તાલુકાના ગીરગઢડા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૮/૦૧/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
**હુકમથી,**
**(જી.કે.વાળા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,**
**ગીરગઢડા**

---

**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૭ /૨૪ તા.૦૯/૦૧/૨૦૨૫

વિવાદી :- શ્રી છગનભાઈ મનુભાઈ ટીંબડીયા
રહે.પીપળવા, તા.લાઠી જિ.અમરેલી મો.૯૭૨૭૬૩૮૫૦૭
c/o એચ.કે.પઢારીયા, મુ.લાઠી મો.૮૯૮૦૧૧૨૪૮૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી**
**મુ.પીપળવા, તા.લાઠી,જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.પીપળવા ગામના રહીશ આ કામના અરજદારશ્રી છગનભાઈ મનુભાઈ ટીંબડીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૯ ના રોજ પીપળવા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૧૨/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

---

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૫ /૨૪ તા.૦૯/૦૧/૨૦૨૫

વિવાદી :- શ્રી પરેશકુમાર જીણાભાઈ ભાદાણી
રહે.ભીંગરાડ, તા.લાઠી જિ.અમરેલી મો.૯૯૦૯૧૯૦૬૮૦
c/o એચ.કે.પઢારીયા, મુ.લાઠી મો.૮૯૮૦૧૧૨૪૮૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી**
**મુ.ભીંગરાડ, તા.લાઠી,જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભીંગરાડ ગામના રહીશ આ કામના અરજદારશ્રી પરેશકુમાર જીણાભાઈ ભાદાણીનો જન્મ તા.૧૪/૧૦/૧૯૭૪ ના રોજ ભીંગરાડ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૧૨/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

---

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી , બગસરા**

જન્મ-મરણ રજી નં.૦૨/૨૫ તા.૧૬/૦૧/૨૦૨૫

**અરજદારઃ-** ૧) શ્રી બિપીનભાઈ ભાનુશંકર જોષી
રહે.થાણા રોડ,કણબી વાડ,બગસરા તા.બગસરા, જિ.અમરેલી
૨) વિવાદીશ્રીનાં વકીલ શ્રી ફારૂકભાઈ કાસમભાઈ ઠેબા મું.તા.બગસરા

- //વિરૂધ્ધ//-

**સામાવાળાઃ-** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
વ
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી,બગસરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
(જન્મ/મરણના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાનાં બગસરા ગામના રહીશ આ કામના અરજદારશ્રી બિપીનભાઈ ભાનુશંકર જોષીના બેનશ્રી રંજનબેન ભાનુલાલ જોષીનો જન્મ/મરણ તા.૦૯/૧૧/૧૯૬૯ ના રોજ થાણા રોડ,કણબીવાડ-બગસરા તા.બગસરા જી.અમરેલી મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના જન્મ/મરણની નોંધ કરાવેલ ન હોય, જન્મ/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય,જેથી જન્મ/મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમા તા૦૯/૧૨/૨૦૨૪ ના રોજ અરજી કરેલ છે. આથી આ કામના સામાવાળા દ્વારા જન્મ/મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

---

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં //-**

જન્મ નોંધ અરજી રજી.નં.૦૫/૨૦૨૫

**અરજદાર :-** (૧)શ્રી ખેની નીતાબેન વનમાળીભાઈ વા/ઓ.ઘેવરીયા સુભાષભાઈ
રે. સુરત-૬૩, અશ્વિન સોસાયટી-૨, ખોડીયાર નગર રોડ, વરાછા રોડ,
સુરત-૩૯૫૦૦૬ મો.૯૩૧૬૮ ૬૫૮૩૮
(૨) અરજદારના વકીલશ્રી રાજુભાઈ બી.ખુમાણ
ઠે.ગણેશ કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરીની સામે, ઓફિસ નં.૧૧૩,
મહુવા રોડ, સાવરકુંડલા મો.૯૫૩૭૦ ૪૫૨૯૯

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,પાંચતલાવડા, તા.લીલીયા,જિ.અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાના પાંચતલાવડા ગામના રહીશ શ્રી ખેની નીતાબેન વનમાળીભાઈ વા/ઓ ઘેવરીયા સુભાષભાઈ એ તેમના પોતાનો જન્મ પાંચતલાવડા મુકામે તા.૨૫/૦૬/૧૯૮૦ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ખેની નીતાબેન વનમાળીભાઈ વા/ઓ ઘેવરીયા સુભાષભાઈ પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૮૦ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**લીલીયા**

---

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં //-**

જન્મ નોંધ અરજી રજી.નં.૦૬/૨૦૨૫

**અરજદાર :-** (૧)શ્રી ખેની અશ્વિનભાઈ વનમાળીભાઈ
રે. સુરત-જે-૧૦૨, શાંતીનિકેતન ફલોર, મોટા વરાછા, અબ્રામા રોડ,
મોટા વરાછા રોડ, સુરત-૩૯૪૧૦૧ મો.૯૩૭૭૦ ૬૫૧૦૬
(૨) અરજદારના વકીલશ્રી રાજુભાઈ બી.ખુમાણ
ઠે.ગણેશ કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરીની સામે, ઓફિસ નં.૧૧૩,
મહુવા રોડ, સાવરકુંડલા મો.૯૫૩૭૦ ૪૫૨૯૯

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,પાંચતલાવડા, તા.લીલીયા,જિ.અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાના પાંચતલાવડા ગામના રહીશ શ્રી ખેની અશ્વિનભાઈ વનમાળીભાઈ એ તેમના પોતાનો જન્મ પાંચતલાવડા મુકામે તા.૧૧/૦૧/૧૯૭૮ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ખેની અશ્વીનભાઈ વનમાળીભાઈએ તેમના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૮ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારનાં ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**લીલીયા**

---

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં //-**

જન્મ નોંધ અરજી રજી.નં.૦૪/૨૦૨૫

**અરજદાર :-** (૧)શ્રી પ્રતાપભાઈ બાબુભાઈ જેબલીયા
રે. ગુંદરણ, તા. લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી મનોજભાઈ નટવરલાલા દવે
ઠે. દેવ કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા, અમરેલી
મો.૯૪૨૬૭ ૧૬૪૨૫

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,ગુંદરણ, તા.લીલીયા,જિ.અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાના ગુંદરણ ગામના રહીશ શ્રી પ્રતાપભાઈ બાબુભાઈ જેબલીયા એ તેમના પોતાનો જન્મ ગુંદરણ મુકામે તા.૦૧/૦૬/૧૯૯૪ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી પ્રતાપભાઈ બાબુભાઈ જેબલીયાના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૯૪ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારનાં ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**લીલીયા**

---

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં //-**

જન્મ નોંધ અરજી રજી.નં.૮૪/૨૦૨૪

**અરજદાર :-** (૧)શ્રી મેંદપરા અંજુબેન માવજીભાઈ W/O ખેની વિનુભાઈ
રે. બી-૭૦૨, સવેરા ગ્રાન્ડ, વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલની બાજુમાં,
નિકોલ, અમદાવાદ સીટી, અમદાવાદ-૩૮૨૩૫૦ મો. ૯૬૬૨૨ ૦૦૯૦૩
(૨) અરજદારના વકીલશ્રી રાજુભાઈ બી.ખુમાણ
ઠે. ગણેશ કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ઓફિસ નં.૧૧૩, મહુવા રોડ,
સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી મો.૯૫૩૭૦ ૪૫૨૯૯

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- -વ- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,પાંચતલાવડા, તા.લીલીયા,જિ.અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાના પાંચતલાવડા ગામના રહીશ શ્રી મેંદપરા અંજુબેન માવજીભાઈ એ તેમના પોતાનો જન્મ પાંચતલાવડા મુકામે તા.૦૧/૦૬/૧૯૭૦ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી મેંદપરા અંજુબેન માવજીભાઈ એ તેમના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૦ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**લીલીયા**

# રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી બ્યુગલ ફૂંકાયુ

ગાંધીનગર,તા.૨૧

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. રાજ્યની જૂનાગઢ મહાનગર પાલિકા અને ૬૬ નગરપાલિકાઓમાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. અહીં ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન અને ૧૮મીએ મતગણતરી હાથ ધરાશે. આ વિસ્તારોમાં આજથી જ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ચૂક્યો છે. મનપા અને ન.પા.ની સામાન્ય ચૂંટણીની સાથે જ કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાશે જ્યારે બોટાદ અને વાંકાનેર નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. સામાન્ય ચૂંટણીની સાથે જે પાલિકા અને પંચાયતમાં બેઠકો ખાલી પડી છે ત્યાં પેટાચૂંટણીની પણ જાહેરાત કરવામાં આવી છે. જેમાં ત્રણ મહાનગરપાલિકાની ત્રણ બેઠકો, નગરપાલિકાની ખાલી પડેલી ૨૧ બેઠક, જિલ્લા પંચાયતની ૯ બેઠક અને તાલુકા પંચાયતની ૯૧ બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. આ તમામ બેઠકો પર પણ ૧૬ ફેબ્રુઆરીએ મતદાન અને ૧૮મીએ મતગણતરી હાથ ધરાશે.

**સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો કાર્યક્રમ**

- ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખઃ ૧ ફેબ્રુઆરી ૨૦૨૫
- ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખઃ ૩ ફેબ્રુઆરી ૨૦૨૫
- ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખઃ ૪ ફેબ્રુઆરી ૨૦૨૫
- મતદાનની તારીખઃ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ (રવિવાર)
- મતદાનનો સમયઃ સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી
- મતગણતરીની તારીખઃ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ (મંગળવાર)

# અમરેલી લેટરકાંડ : નિર્લીપ્ત રાયે પોલીસ અધિકારી-કર્મચારીઓ અને આરોપીઓના નિવેદન લીધા

**આરોપીઓના નિવેદન લેવા નિર્લીપ્ત રાય અમરેલી સબજેલ ખાતે પહોંચ્યા, કડાકા-ભડાકાના એંધાણ**



અમરેલી,તા.૨૧

અમરેલીમાં લેટરકાંડ મામલે એસએમસીના વડા નિર્લીપ્ત રાયે પાયલ ગોટી અને ફરિયાદી કિશોર કાનપરિયાનાં નિવેદન લીધા બાદ પોલીસે કરેલા રિકન્સ્ટ્રક્શન સ્થળની વિઝિટ કરી હતી. નિર્લિપ્ત રાયે આજે રિકન્સ્ટ્રક્શનમાં દેખાતા એલસીબી અને સાયબર ક્રાઈમના અધિકારી-કર્મચારીનાં નિવેદન લીધા છે. જે બાદ જેલમાં રહેલા ત્રણ આરોપીઓના પણ નિવેદન લીધા છે. સોમવારે એસએમસીના વડા નિર્લિપ્ત રાય સવારે અમરેલી દોડી આવ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. નિર્લિપ્ત રાયે રીકન્સ્ટ્રક્શન સ્થળની મુલાકાત લીધી હતી. સર્કિટ હાઉસ ખાતે જિલ્લા પોલીસવડા તેમજ સાયબર ક્રાઈમ અને એલસીબીના અધિકારી અને કર્મચારીઓ તેમજ સસ્પેન્ડ કરાયેલા ત્રણ પોલીસકર્મીઓ પણ હાજર રહ્યાં હતા તેમની પણ પુછપરછ કરવામાં આવી હતી. એસએમસી વડાએ અમરેલી સબ જેલ ખાતે જઈ જેલમાં બંધ ત્રણ આરોપીઓ સાથે મુલાકાત કરી તેમના પણ નિવેદન લીધા હતા. આરોપીઓના નિવેદન બાદ કડાકા-ભડાકાના એંધાણ દેખાઈ રહ્યાં છે.

# વડોદરા-અમદાવાદ નેશનલ હાઈવે નં.૮ એમોનિયાગેસભરેલુટેન્કરપલટયુ



વડોદરા,તા.૨૧

વડોદરા અમદાવાદ નેશનલ હાઈવે નંબર આઠ પર સાકરદા ગામ પાસે આજે બપોરે એમોનિયા ભરેલું ટેન્કર પલટી ખાઈ જતા ટેન્કરનું ઢાંકણું ખુલ્લુ થતા તેમાંથી એમોનિયા ગેસનો જથ્થો હવામાં ફેલાવવાની શરૂઆત થઈ ગઈ હતી જેને કારણે ભાગદોડ મચી ગઈ છે આ બનાવની જાણ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારની ફાયર બ્રિગેડને થતા પહેલા તેઓએ પહોંચી જઈ કામગીરી શરૂ કરી પરંતુ વધુ ફાયર બ્રિગેડની જરૂરિયાત જણાવતા તાત્કાલિક વડોદરા ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવતા ૭ થી ૮ જેટલા ફાયર ફાઈટરો અને જવાનો એમોનિયા ગેસ લીકેજ બંધ કરાવવાની જોખમી કામગીરીમાં કામે લાગ્યા હતા જવાનોએ પોતાના સ્વ બચાવમાં મોઢા પર માસ્ક લગાવ્યા અને ઓક્સિજનના બોટલો સાથે રાખ્યા હતા.

# કચ્છના પૂર્વ કલેકટર પ્રદિપ શર્માને પાંચ વર્ષની સજા ફટકારતી કોર્ટ



અમદાવાદ,તા.૨૧

કચ્છ કલેકટરના કાર્યકાળ દરમિયાન પૂર્વ સનદી અધિકારી પ્રદીપ શર્મા દ્વારા વેલસ્પન કંપનીને આર્થિક ફાયદો કરાવવાના અને ખોટી રીતે જમીન ફાળવી સરકારી તિજોરીને લાખોનું નુકસાન પહોંચાડવા સહિતના ત્રણ અલગ-અલગ કેસોમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ખાતેની પ્રિન્સિપાલ એન્ડ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ કે.એમ. સોજીત્રા દ્વારા આજે ચુકાદો અપાયો. તે અંતર્ગત વેલસ્પન કંપનીને જમીન ફાળવણી પ્રકરણ અને મોબાઈલ ફોનના ઉપયોગનું બિલ કંપની દ્વારા ભરવા અંગેના કેસમાં કોર્ટે પૂર્વ આઈએએસ પ્રદીપ શર્માને નિર્દોષ ઠરાવ્યા હતા. જો કે, પ્રદીપ શર્માની પત્ની જે વેલ્યુ પેકેજિંગ કંપનીમાં ભાગીદાર હતી, તેમના ખાતામાં ૯ લાખ રૂપિયા ટ્રાન્સફર થવાના ભ્રષ્ટાચારના કેસમાં શર્માને કોર્ટે દોષિત ઠરાવ્યા હતા અને પાંચ વર્ષની સજા કરી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં ચૂક, કાફલામાં અજાણી કાર ઘુસી



અમદાવાદ, તા.૨૧

પ્રજાસત્તાક પર્વ એટલે કે ૨૬ જાન્યુઆરી પહેલા મુખ્યપ્રધાનની સુરક્ષામાં ચૂક થઈ હોવાનું સામે આવ્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કાફલામાં અજાણી કાર ઘુસી ગઈ. અમદાવાદમાં બોપલ રિંગરોડ પાસે આ બનાવ બન્યો હોવાનું સામે આવ્યુ છે. બોપલ જાહેર કાર્યક્રમથી પરત ફરતી વખતે ચૂક સામે આવી છે.મુખ્યમંત્રી પસાર થવાના હોય તે પહેલાં બ્લોકેજ પોઈન્ટ સામે સવાલ ઉઠ્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના બોપલ ખાતે જાહેર કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા અને કાર્યક્રમમાંથી પરત નિર્ધારિત કાર્યક્રમ તરફ જવા રવાના થઈ રહ્યા હતા. ત્યારે બોપલ પાસેથી પસાર થતા હતા તે દરમિયાન એક અજાણી સફેદ કલરની કાર અચાનક તેમના કોન વેમાં પ્રવેશી ગઈ હતી. જો કે કાર પ્રવેશતાની સાથે જ પાયલોટ અને જે ટ્રેલ કાર હોય તેમને સમયસૂચકતાની સાથે એક્શન લેવા જોઈએ તે પ્રકારે એક્શન લીધા હતા.મહત્વની વાત એ છે કે જે સ્થળેથી ભૂપેન્દ્ર પટેલનો કાફલો પસાર થઈ રહ્યો હતો, ત્યાં આગળ હાજર એક પોલીસકર્મીએ અચાનક જ એક્શન પણ લીધી અને તે અજાણી સફેદ કારને સાઈડમાં કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે અજાણ્યા કાર ચાલક દ્વારા ખૂબ જ બેદરકારી ભર્યુ વર્તન કરવામાં આવ્યુ તેવુ સ્પષ્ટપણે વીડિયોમાં જોવા મળી રહ્યુ છે.મહત્વની વાત છે કે આગામી દિવસોમાં જ્યારે પ્રજાસત્તાક પર્વ આવી રહ્યો છે એક તરફ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પણ એક આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે તેનું આયોજન કરવામાં આવ્યું છે. મહાકુંભ પણ દેશમાં યોજાઈ રહ્યો છે એટલે કે દેશમાં ઘણા બધા મોટા મોટા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તે પહેલાં ગુજરાત જેવા રાજ્યના મુખ્યમંત્રી પસાર થતા હોય અને તેમના કોનવેમાં આ પ્રકારે અજાણી કાર ઘુસી જતા હડકંપ મચી જવા પામ્યો હતો.

# લાઠી, ચલાલા, રાજુલા, જાફરાબાદ નગરપાલિકાઓની ચૂંટણી યોજાશે

અમરેલી,તા.૨૧

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. જે અનુસાર, ૧૬ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. જ્યારે ૧૮ ફેબ્રુઆરીના રોજ મતગણતરી યોજવામાં આવશે. રાજયમાં અમરેલી જિલ્લામાં પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજવામાં આવશે. જેમાં અમરેલી જિલ્લાના લાઠી, જાફરબાદ, રાજુલા અને ચલાલા નગરપાલિકાની ચૂંટણી યોજાશે તો પેટા ચૂંટણી પણ પણ યોજવામાં આવશે. જેમાં અમરેલી વોર્ડ નં. ૭ અને ૫માં એક સીટ માટે, દામનગરમાં વોર્ડ નં.૨ અને ૩માં એક સીટ માટે તથા સાવરકુંડલાનાં વોર્ડ નં.૩ ની એક બેઠકની ચૂંટણી યોજાશે. જયારે બાબરાના કરીયાણા તાલુકા પંચાયતની સીટ, બગસરાના જુના વાઘણીયામાં તાલુકા પંચાયતની એક સીટ અને ધારીના મીઠાપુર(ડુંગરી) તાલુકા પંચાયતની એક સીટ માટે પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાશે. ચૂંટણી જાહેર થતા જ રાજકિય પક્ષો પણ હવે આળસ ખંખેરી બેઠા થયા છે અને આગામી સમયમાં ફરી ચૂંટણીનો માહોલ જામશે.ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા લાગુ પડતા નવા સરકારી કામો પર બ્રેક લાગશે.

**અમરેલી, દામનગર વોર્ડમાં પેટાચૂંટણી ત્યારે જુના વાઘણીયા, કરીયાણા અને મીઠાપુર(ડુંગરી)ની તાલુકા પંચાયતની ચૂંટણી યોજાશે**

# સુરતમાં ધો.૮માં ભણતી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ લેતા અરેરાટી

સુરત,તા.૨૧

સુરતના ગોડાદરા વિસ્તારમાં રહેતી ધોરણ ૮ની વિદ્યાર્થિનીએ પોતાના ઘરે જ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતા ચકચાર મચી છે. આદર્શ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની ફી બાકી હોવાથી સ્કૂલના શિક્ષકે ઈન્ટર્નલ પરીક્ષામાં બેસવા દીધી ન હતી અને આખો દિવસ ક્લાસ બહાર ઊભી રાખી હોવાનો પરિવારજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે. સ્કૂલમાં કરાયેલી સજાના કારણે વિદ્યાર્થિની ગભરાઈ ગઈ હતી અને સ્કૂલે જવાનો ઈન્કાર કરતી હતી. તેના માતા-પિતા કામઅર્થે બહાર હતા, ત્યારે પોતાના ઘર પર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તો બીજી તરફ સ્કૂલ સંચાલકે પરિવારના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યાં છે.

**એક વર્ષમાં ૨૪૦૦૦ કિલો માદક પદાર્થ જપ્ત કરવામાં આવ્યા**

# ગુજરાતમાં એક વર્ષમાં રૂા.૭૩૦૩ કરોડના કેફી પદાર્થો ઝડપાયા

**નાર્કોટીક્સ કાયદા હેઠળ ૫૮૨ કેસોમાં ૮૪૮ આરોપીની ધરપકડ**



અમદાવાદ તા.૨૧

દારૂબંધીનો કડક કાયદો ધરાવતા ગુજરાતમાં શરાબ તો ઠીક ડ્રગ્સનું દુષણ પણ બેફામ હોય તેમ છેલ્લા એક વર્ષમાં ૭૩૦૩ કરોડના કેફી પદાર્થ પકડાયા હતા. ગાંધીના ગુજરાતની ઓળખ સાથે નશાબંધીનો કાયદો ધરાવતા રાજયમાં રોજેરોજ નાના મોટા જથ્થામાં ડ્રગ્સ પકડાય છે સરકાર જોકે એવો બચાવ કરે છે કે પકડાતુ ડ્રગ્સ મોટાભાગે પંજાબ મોકલવાનું હોય પરંતુ મેકડ્રોન જેવા ડ્રગ્સ પકડાય છે તેનુ ગુજરાતમાં જ સેવન થતુ હોવાની આશંકા છે. ૨૦૨૪ ના વર્ષમાં ૧૮૮૨ કિલો મેકેડ્રોનનો જથ્થો પકડાયો હતો. ગુજરાત, રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાં ઓપરેશન કરીને જંગી જથ્થો જપ્ત કરાયો હતો તેના આધારે ગુજરાતની બોર્ડર ડ્રગ્સની હેરફેરનો મુખ્ય માર્ગ બન્યાની શંકા ઉઠે છે. ગુજરાતમાંથી પકડાયેલા ડ્રગ્સના કુલ જથ્થામાંથી ૬૮૭૧ કરોડના કેફી દ્રવ્યો ગુજરાત એટીએસ દ્વારા એકલા હાથે અથવા કોસ્ટગાર્ડ નેવી કે નાર્કોટીકસ વિભાગ સાથે સંકલન સાધીને પકડવામાં આવ્યા હતા. ગુજરાત પોલીસનાં રીપોર્ટ પ્રમાણે છેલ્લા એક વર્ષમાં ૨૪૦૦૦ કિલો માદક પદાર્થ જપ્ત કરવામાં આવ્યા હતા.નાર્કોટીકસ કાયદા હેઠળ ૫૮૨ કેસોમાં ૮૪૮ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.










